આજનો સુવિચાર

એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહી સીધા થવાની જરૂર છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૫ જૂનાગઢ તા.૨૧-૦૫-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 135, Junagadh : Date : 21 May, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# શ્રીલંકાથી આવેલા ચાર આતંકવાદીઓનાં ટાર્ગેટ પર ગુજરાત : આત્મઘાતી હુમલો કરવાના હતા

## આતંકવાદીઓની યોજના હિન્દુ નેતાઓ અને યહુદી લોકો પર હુમલો કરવાની હતી : તપાસમાં અનેક ઘટસ્ફોટ



અમદાવાદ,તા.૨૧

અમદાવાદ-એરપોર્ટ પરથી ચાર આતંકવાદી ઝડપાતા ખળભળાટ મચી ગયો છે ત્યારે તેઓનાં નિશાને હિન્દુ તથા યહુદી નેતાઓ હોવાનો ખુલાસો થયો છે. ૧૪ દિવસનાં રીમાંડ પર સોંપાયેલા ચારેય ત્રાસવાદીઓની પૂછપરછમાં વધુ કેટલાંક ચોંકાવનારા ઘટસ્ફોટ થયાનું માનવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં કેટલાંક વખતથી કરોડો અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાવાનો સિલસિલો હતો.ડ્રગ્સ માફીયાઓ પછી ત્રાસવાદી સંગઠનોનું ટારગેટ ગુજરાત હોવાની છાપ ઉપસતા સરકાર તથા સુરક્ષા એજન્સીઓ પણ ખળભળી ઉઠી છે.

ગુપ્તચર બાતમીના આધારે શ્રીલંકાથી વાયા ચેન્નાઈ થઈને વિમાન માર્ગે અમદાવાદ આવેલા જે ચારેય ત્રાસવાદીઓની ઓળખ મોહમ્મદ નુસરત, મોહમ્મદ નફરામ, મોહમ્મદ ફરીસ તથા મોહમ્મદ રસધીન તરીકે થઈ છે. ચારેય શ્રીલંકાનાં નાગરીકો હોવાનું અને ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએસઆઈ ઈસ્લામીક સ્ટેટનાં સંપર્કમાં હોવાનો ધડાકો થયો છે.

પોલીસ સુત્રોએ કહ્યું કે, ચારેય ત્રાસવાદી પાકિસ્તાન સ્થિત આઈએસઆઈના ઓપરેટીવ અબુબકરનાં સંપર્કમાં હતા. ગુજરાતમાં આત્મઘાતી હુમલા કરવાનો ટારગેટ આપવામાં આવ્યો હતો. યહુદીઓના કેટલાંક મહત્વનાં સ્થળોને નિશાન બનાવવાનું તથા ભાજપ-સંઘ સાથે સંકળાયેલા હિન્દુ નેતાઓ અને યહુદીઓની હત્યા કરવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું.

ગુજરાત એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને ૧૫ દિવસ પહેલા એક માહિતી મળી હતી કે ચાર આતંકીઓ ગુજરાતમાં પ્રવશે કરવાના છે. જેના પગલે છેલ્લા પંદર દિવસથી એરપોર્ટ અને રેલવે સ્ટેશન ખાતે વોચ રાખવામાં આવી હતી.

આ ચાર આતંકીઓ ની ઓળખ કરવા માટે ગુજરાત એટીએસએ હજારોની સંખ્યામાં હવાઈ અને ત્રણમાં મુસાફરી કરતા મુસાફરોની યાદી તૈયાર કરી હતી.

જેમાં શંકાના દાયરામાં ઈન્ડિગો ફ્લાઈટના ચાર મુસાફરો આવ્યા હતા. ગુજરાત એટીએસે ૧૯મેની રાત્રે ૮ વાગે અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટ આવે એ પહેલા જ કોર્ડન કરીને ચારેય આતંકવાદીઓને ઝડપી લીધા હતા.

આ ચાર આતંકીઓ અંગ્રેજી કે હિન્દી ભાષા જાણતા ન હતા અને માત્ર તામિલ ભાષા જ જાણતા હોવાથી અમદાવાદના દુભાષિયા મારફતે પૂછપરછ કરી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો.

આ ચારેય ISIS ના આતંકીઓ છે જે ગુજરાત અને ભારતમાં યહૂદી, ખ્રિસ્તી , RSS અને BJP ના લોકો પર હુમલો કે આત્મઘાતી હુમલો કરવાના હતા. જેના માટેની તમામ તૈયારીઓ આ આતંકીઓ કરી હતી.

આતંકીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, હેન્ડલર અબુ બકર બગદાદીના ગત ફેબ્રુઆરી માસમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવ્યા હતા અને આતંકી સંગઠનમાં જોડયા હતા.હેન્ડલર અબુ બકર બગદાદી મૂળ શ્રીલંકાનો છે અને હાલ પાકિસ્તાનમાં વસવાટ કરે છે.

## બિહારનાં છપરામાં ચૂંટણી બાદની હિંસામાં ફાયરીંગ : એકનું મોત

પટના તા. ૨૧

બિહારનાં છપરામાં આરજેડી અને ભાજપના સમર્થકો વચ્ચે ગોળીબાર થયો હતો, જેમાં એક યુવકનું મોત થયું છે. જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ આરજેડીના સમર્થક હોવાનું કહેવાય છે. ફાયરિંગ બાદ વિસ્તારમાં તણાવનો માહોલ છે.

આરોપીઓની ધરપકડને લઈને લોકોમાં હોબાળો મચી ગયો છે. એસપી ગોરવ મંગળાએ પોતે મોર્ચાની કમાન સંભાળી છે. લોકોને સમજાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે. એસપીએ કહ્યું છે કે સાવચેતીના ભાગરૂપે છપરામાં થોડા સમય માટે ઈન્ટરનેટ બંધ રહેશે.

ગઈકાલે મતદાન દરમિયાન ભાજપ અને આરજેડી સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. જેના જવાબમાં આજે ફાયરિંગ થયું હતું. ગઈકાલે ઉમેદવાર રોહિણી આચાર્ય બૂથ નંબર ૧૧૮ પર આવ્યા ત્યારે ચૂંટણી દરમિયાન તણાવ વધી ગયો હતો. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે પથ્થરમારો થયો હતો.

## ગુજરાત સહિત દેશભરમાં હીટવેવને પગલે રેડએલર્ટ દિલ્હીમાં ૪૭ ડીગ્રી - શુક્રવાર સુધી રાહત નહી મળે

નવી દિલ્હી તા.૨૧

ગુજરાત સહીત દેશભરનાં મોટાભાગનાં ક્ષેત્રો ભીષણ હીટવેવમાં સપડાયા છે. ત્યારે આ દોર હજુ પણ ચાલુ જ રહેવાની ચેતવણી આપવા સાથે હવામાન વિભાગે અનેક રાજયો માટે રેડ એલર્ટ જારી કર્યુ છે. પાટનગર દિલ્હીમાં પણ કેટલાંક વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૭ ડીગ્રીને પાર થઈ ગયો હતો. હવામાન વિભાગનાં રીપોર્ટમાં એમ કહેવાયું છે કે દિલ્હી-એનસીઆર ઉપરાંત પંજાબ તથા રાજસ્થાનનાં અમુક ભાગોમાં ભીષણ હીટવેવની હાલત યથાવત રહેશે. શુક્રવાર સુધી આજ પરિસ્થિતિ બની રહેશે. અને શનિવારથી આંશીક રાહત મળવાની સંભાવના છે. હવામાન વિભાગે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉતર પ્રદેશ, બિહારમાં લુનો પ્રકોપ રહેવાની ચેતવણી આપીને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે.અમુક ભાગો માટે યલો એલર્ટ આપવામાં આવેલ છે. દક્ષિણનાં કેરળ જેવા રાજયોમાં આકરી ગરમીની સાથોસાથ દ.કર્ણાટક, તામીલનાડુમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પૂર્વોતરનાં કેટલાંક રાજયો ઉપરાંત મધ્યપ્રદેશ, છતીસગઢ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, બંગાળ, તથા કર્ણાટકમાં વિજળી ત્રાટકવાની તથા આંધી ફુંકાવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

## સંબિત પાત્રાએ બફાટ કર્યો : ભગવાન જગન્નાથને મોદીનાં ભકત ગણાવ્યા : માફી માંગી

પુરી તા. ૨૧

ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર સંબિત પાત્રા ભગવાન જગન્નાથ પર નિવેદન આપીને વિવાદમાં ફસાયા છે. સોમવારે (૨૦ મે) એક મીડિયા ચેનલ સાથે વાત કરતા સંબિત પાત્રાએ કહ્યું કે ભગવાન જગન્નાથ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભક્ત છે.

સંબિત પાત્રાનું આ નિવેદન ૨૦ મેના રોજ આવ્યું હતું, જ્યારે પીએમ મોદી પોતે તેમના સમર્થનમાં રોડ શો કરવા પુરી પહોંચ્યા હતા. ગઈકાલે ઓડિશામાં ૫ લોકસભા અને ૩૫ વિધાનસભા બેઠકો પર પણ ચૂંટણી યોજાઈ હતી. પુરી લોકસભા સીટ માટે છઠ્ઠા તબક્કામાં એટલે કે ૨૫ મેના રોજ મતદાન થશે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સહિત ઘણા મોટા નેતાઓએ સંબિત પાત્રાના નિવેદનની આકરી ટીકા કરી હતી. આ પછી સંબિત પાત્રાએ માફી માંગવી પડી હતી.

પાત્રાએ તેનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રિલીઝ કર્યો છે હું જગન્નાથજીનાં ચરણોમાં માથું નમાવીને માફી માંગું છું. હું પસ્તાવો કરવા અને મારી ભૂલ સુધારવા માટે આગામી ૩ દિવસ ઉપવાસ કરીશ. આ પહેલાં નવીન પટનાયકને લખેલી અન્ય પોસ્ટમાં પાત્રાએ કહ્યું હતું - આજે પુરીમાં પીએમ મોદીના રોડ શોની સફળતા બાદ મેં ઘણી મીડિયા ચેનલોને નિવેદન આપ્યું હતું. દરેક જગ્યાએ મેં કહ્યું કે મોદીજી મહાપ્રભુ જગન્નાથના ભક્ત છે. એક સમયે હું આકસ્મિક રીતે ઊલટું બોલી ગયો. આપણા બધાની ક્યારેક ક્યારેક જીભ લપસી જાય છે.


## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯


## સપ્ટેમ્બરમાં ૭૫ નગરપાલિકા, ૧૭ તાલુકા પંચાયત બે જીલ્લા પંચાયત ૭ હજાર ગ્રામ પંચાયતોની ચૂંટણી

નવી દિલ્હી,તા. ૨૧: ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પડઘમ શાંત પડી ગયા છે, પરંતુ ગુજરાતમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં રાજયની ૭૫ નગરપાલિકા, ૧૭ તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત અને ૭૦૦૦ ગ્રામ પંચાયતોની છેલ્લા બે વર્ષથી વિલંબમાં પડેલી ચૂંટણી યોજાશે તેવા સંકેત મળી રહ્યા છે.

આ માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા આગામી બે મહિનામાં તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે. સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર, લોકસભાના પરિણામો ભાજપ માટે સારા આવ્યા તો તાત્કાલિક ધોરણે આ ચૂંટણીની જાહેરાત કરી દેવાશે, નહીં તો બેથી ત્રણ મહિના ચૂંટણી પાછળ ખેંચવામાં આવી શકે છે. રાજયની ગ્રામ પંચાયતોમાં છેલ્લા બે વર્ષથી વહીવટદાર તરીકે તલાટી ભૂમિકા ભજવી રહ્યા છે. ગામનું સંચાલન તલાટીના માથે આવી પડ્યું છે. ચૂંટણી નહીં યોજાવાના કારણે ગામડાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે.

## પાંચમાં તબક્કામાં પણ મતદાન ઓછું નોંધાતા નેતાઓની ઉંઘ હરામ

નવી દિલ્હી,તા.૨૧

લોકસભા ચૂંટણીનાં પાંચમા તબકકામાં મતદાન ફરી ફસકી ગયુ હોય તેમ મધરાતના છેલ્લા આંકડા પ્રમાણે ૬૦.૦૯ ટકા નોંધાયુ હતું જેને પગલે રાજકીય પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. પાંચમા તબકકાની ચૂંટણી 'ગેમ ચેન્જર'ગણાતી હતી. કારણ કે તેમાં સામેલ ૪૯ માંથી ૪૦ બેઠકો પર ભાજપ-એનડીએનો કબ્જો હતો કોંગ્રેસ પાસે માત્ર એક સીટ હતી. દેશના આઠ રાજય કેન્દ્ર શાસીત પ્રદેશોમાં સોમવારે ૪૯ બેઠકો પર મતદાન યોજાયુ હતું. ચૂંટણી પંચ દ્વારા મધરાતે જારી કરેલા આંકડા મુજબ ૬૦.૦૯ ટકા મતદાન હતું તેમાં સૌથી વધુ ૭૪.૬૫ ટકા પશ્ચિમ બંગાળમાં નોંધાયુ હતું. જયારે સૌથી ઓછુ ૫૪.૨૯ ટકા મહારાષ્ટ્રમાં હતું. આ સિવાય બિહારની પાંચ બેઠકોમાં સરેરાશ ૫૪.૮૫ ટકા,કાશ્મીરની એક બેઠક પર ૫૬.૭૩ ટકા, ઝારખંડની ત્રણ બેઠકો પર ૬૩.૦૭ ટકા, લદાખ સીટ પર ૬૯.૬૨ ટકા, ઓડીશાની પાંચ બેઠકો પર ૬૭.૫૯ ટકા, ઉત્તર પ્રદેશની ૧૪ બેઠકો પર ૧૭.૭૯ ટકા સરેરાશ મતદાન હતું. મહારાષ્ટ્રમાં ૧૩ તથા પશ્ચિમ બંગાળમાં ૧૩ બેઠકો પર ચૂંટણી થઈ હતી. લોકસભા ચૂંટણીના પ્રથમ ચાર તબકકામાં સરેરાશ ઓછી ટકાવારી રહી હોવાને કારણે પાંચમા તબકકામાં મતદાન વધારવા માટે ભાજપ સહીતનાં રાજકીય પક્ષોએ ઘણી મહેનત કરી છતાં પ્રથમ ચાર તબકકા કરતા પણ પાંચમાં તબકકાનું મતદાન ઓછુ રહ્યું છે.

## આજના દિવસે શ્રીપેરૂમ્બુદુર ખાતે રાજીવ ગાંધીની હત્યા થઈ હતી

નવી દિલ્હી તા. ૨૧

૨૦ ઓગસ્ટ, ૧૯૪૪માં જન્મેલા સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીની આજનાં દિવસે ૨૧ મે, ૧૯૯૧ના રોજ તમિલનાડુના શ્રીપેરુમ્બુદુરમાં એક ચૂંટણી રેલી દરમિયાન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (એલટીટીઈ)ના આત્મઘાતી બોમ્બર દ્વારા હત્યા કરવામાં આવી હતી. આજે તેમની ૩૩મી પુણ્યતિથિ છે. પાટનગરમાં શ્રીમતી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, ચિદમ્બરમ, પાયલોટ સહિત અનેક કોંગ્રેસી નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## સોનામાં રેકોર્ડબ્રેક તેજીથી દાણચોરીમાં પણ ભારે ઉછાળો

અમદાવાદ,તા.૨૧

કેન્દ્ર સરકારે આયાત જકાતમાં વધારો કર્યાના વખતથી સોનાની દાણચોરી વધી રહી છે. ભારતમાં ૧૧.૫ ટકા કસ્ટમ ડયુટી, ૨.૫૦ ટકા કૃષિસેસ, ૩ ટકા જીએસટી તથા ૦.૧ ટકા આયાતકારનું પ્રિમીયમ લાગુ પડે છે. કુલ ટેકસ ૧૮ ટકા થવા જાય છે. વિદેશોમાંથી દાણચોરી મારફત સોનુ ઘુસાડવામાં આવે તો ૧ કિલો દીઠ રૂા.૧૩.૮૬ લાખ સસ્તુ પડે છે.

સંયુકત આરબ અમીરાત-મુંબઈ, શાહજાહ, કૂવૈત, ઓમાન, બેંગકોક તથા થાઈલેન્ડ જેવા દેશોમાંથી સોનુ ઘુસાડવામાં આવતુ હોય છે. ઝવેરીઓનાં કહેવા પ્રમાણે ભારતમાં સોના પર ટેકસ ભારણ ઘણુ વધારે હોવાથી દાણચોરીનો ટ્રેન્ડ ફૂલ્યોફાલ્યો છે. વૈશ્વિક સ્તરે ભૌગોલીક તનાવ, ભારત-અમેરીકા જેવા દેશોમાં ચૂંટણી, ડોલર સામે રૂપિયાની નબળાઈ, વિશ્વના અનેક દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા સોનાની ખરીદી જેવા કારણો પાછળ તેજી છે. ૨૦૨૦થી ૨૦૨૪ના ચાર વર્ષમાં સોનાના ભાવમાં ૭૯ ટકાનો વધારો થયો છે.હાલ હાજર ભાવ રૂા.૭૭૦૦૦ ની સપાટીને કુદાવી ગયો છે. જયારે ૩૧ માર્ચ ૨૦૨૦નાં રોજ સોનાનાં ભાવ રૂા.૪૩૦૦૦ હતો.

## સ્વાતી માલીવાલ કેસમાં એસઆઈટીની રચના

નવી દિલ્હી તા. ૨૧

આમ આદમી પાર્ટીના રાજયસભાનાં સાંસદ અને દિલ્હી મહિલા આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલની છેડતી અને મારપીટના કેસની તપાસ માટે SITની રચના કરવામાં આવી છે

આ SITનું નેતૃત્વ ઉત્તર દિલ્હીના એડિશનલ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અંજિતા ચેપ્યાલા કરી રહ્યા છે. SITમાં ત્રણ ઈન્સ્પેકટર રેન્કના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે, જેમાં સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે, જ્યાં કેસ નોંધવામાં આવ્યો હતો. SIT તેની તપાસ કર્યા બાદ વરિષ્ઠ અધિકારીઓને રિપોર્ટ સોંપશે. દિલ્હી પોલીસના અધિકારીઓ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સહાયક બિભવ કુમારની સતત પૂછપરછ કરી રહ્યા છે,


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વૈદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
અગ્રણી બિલ્ડર
અરવિંદભાઈ સોલંકી
મો. ૯૩૨૭૪ ૯૪૫૫૫
જૂનાગઢ

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
રેસિપી હોય દાદીની... કે નાનીની... કે મમ્મીની...
સિંગતેલ તો રાણીનું જ!
બારેમાસ બેમિસાલ અસ્સલ અથાણાં બનાવવાં આજે જ તમારા ઘરે લઈ આવો.
RANI® GOLD સિંગતેલ




જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મ ગનલાલ એન્ડ સન્સ 94266 34036

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# કેશોદ પંથકમા હીરા ઉદ્યોગ ડચકાં ભરે છે ત્યારે મંદીમાંથી ઉગારવા સરકાર પાસે રાહતની આશા



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૦

કેશોદ શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હીરાના કારખાનાઓ આવેલાં છે ત્યારે સરકાર દ્વારા હીરા ઉદ્યોગને મંદીના માહોલમાંથી બહાર લાવવા કોઈ પ્રકારની દરકાર લેવામાં ન આવતાં કેશોદ પંથકમા હીરા ઉદ્યોગ મરણપથારીએ ડચકાં ભરે છે. સૌરાષ્ટ્રમાં દુષ્કાળ પડયો ત્યારે ગ્રામ્ય વિસ્તારના યુવાનો હીરા ઉદ્યોગ તરફ આજીવિકા રળવા પ્રેરિત થયાં હતાં અને સમયાંતરે સુરત ભાવનગર છોડી સૌરાષ્ટ્રના શહેરી વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારમાં હીરા ઉદ્યોગ ધીમે ધીમે વિસ્તારવા લાગ્યો હતો જે આજે માત્ર કેશોદ પંથકમા વધારે કારખાનામાં હજારો રત્ન કલાકારોની આજીવિકા આપતો ઉદ્યોગ બની ગયો છે. કેશોદ શહેર અને ગ્રામ્ય વિસ્તારના નાનાં નાનાં ખાતેદાર ખેડૂત પુત્રો પારિવારિક જવાબદારી સાથે સાથે ખેતી સંભાળવાની સાથે આજીવિકા રળવા હીરા ઉદ્યોગમાં રત્નકલાકાર તરીકે કામ કરી યુવાનો અને બહેનો રોજગારી મેળવતાં હોય છે ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં વૈશ્વિક સ્તરે બજારના ચડાઉ ઉતાર સામે કેશોદ પંથકમા વિકાસ થયેલ હીરા ઉદ્યોગને સંભવિત સરકારી સહાય આપવામાં આવે તો ખર્ચ ઘટવાથી બાર માસમાં સાત આઠ મહિના ચાલતો હીરા ઉદ્યોગ મંદીના માહોલમાં પણ જીવંત રહી શકે એમ છે. પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓ હકારાત્મક અભિગમ અપનાવી તીવ્ર ઈચ્છાશકિતથી આગળ આવશે તો હજારો પરિવારોને ઘર બેઠા આજીવિકા મળી રહેશે અને કેશોદની બજારમાં પણ આપો આપ તેજી આવી જશે.

# કેશોદમાં પાંચ માળની મંજુરી મેળવી છ માળ ખડકી દેતાં નગરપાલીકાને કાર્યવાહી કરવા લેખિત રજૂઆત

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૦



કેશોદ નગરપાલિકા વિસ્તારમાં વગર મંજુરીએ આડેધડ ચાલતાં ગેરકાયદેસર બાંધકામની ફરિયાદો છાશવારે ઉઠતી હોય છે ત્યારે કેશોદમાં નારાયણનગર વિસ્તારમાં બાંધવામાં આવી રહેલા એપાર્ટમેન્ટમાં પાચ માળની બાંધકામની પરવાનગી આપવામાં આવી છે ત્યારે છ માળ ખડકી દેવામાં આવતાં કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાએ લેખિતમાં નગરપાલિકાને રજુઆત કરી વધારાનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવા માંગણી કરી છે. કેશોદ વિસ્તારમાં મિલકત ખરીદવા ઈચ્છતા અજાણ્યા કે અભણ વ્યક્તિ છેતરાઈને પોતાની મરણ મુડી ખોઈ બેસે નહીં એ હેતુથી સ્થળ તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે એવી માંગણી કરી છે. કેશોદ નગરપાલિકાના ઓફિસ સુપ્રીટેન્ડન્ટ પ્રવિણભાઈ વિઠ્ઠલાણીએ ફરિયાદ ધ્યાને લઈ તપાસ કરી નગરપાલિકા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવાની ખાત્રી આપી છે.

# જૂનાગઢના આઝાદ ચોક ખાતે સેવાભાવી સંસ્થા દ્વારા ૨૨૦ લીટર વિનામુલ્યે છાશનું વિતરણ કરાયું




(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં સેવાભાવી સંસ્થા દ્વારા ૨૨૦ લીટર વિનામુલ્યે ફુલ ઠંડી છાશ વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા આયોજીત તા.૧૯-૫-૨૦૨૪ને રવિવારનાં રોજ આઝાદ ચોક- જૂનાગઢ ખાતે ઉનાળાની કાળઝાળ ગરમીમાં અને આકરા તાપમાં તમામ નાગરીકોને ઠંડક મળે એ હેતુથી વિનામુલ્યે ફુલ ઠંડી છાશ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ છાશ વિતરણનું ઉદ્‌ઘાટન જૂનાગઢનાં સામાજીક આગેવાનોનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ફુલ ઠંડી છાશનો લાભ ૧૪૪૦ નાગરિકોએ લીધો હતો. આ છાશ વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જેમાં જૂનાગઢનાં મહિલા પી.એસ.આઈ જે.પી.વરીયા, એનએસપી ગૃપ-જૂનાગઢનાં પ્રમુખ ચંદુભાઈ લોઢીયા, દાતાર સેવક બટુકબાપુ, અગ્રણી વેપારી લલીતભાઈ ધોળકીયા, સમાજ સેવક ઓનલી ઈન્ડિયન વનમેન આર્મી, શિક્ષણવીદ મેહુલભાઈ પરમાર, પ્રતિકભાઈ મિશ્રાણી, અરવિંદભાઈ મારડીયા, હર્ષભાઈ ઠાકર, હરસુખભાઈ પાલા, રમણીકભાઈ ચલ્લા, વિજયભાઈ વાળા, જયશ્રીબેન ગાલોરીયા, પ્રવિણાબેન વાઘેલા, ઈન્દુબેન ખાણધર, નીલાબેન ભટ્ટ, રમીલાબેન ઘુચલા, મિતલબેન રાડા, કિરણબેન ઉનડકટ, રોશનીબેન ઘુચલા વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ છાશ વિતરણનાં પ્રસંગે બહારગામનાં નામી અનામી દાતાઓ તેમજ જૂનાગઢનાં નામી અનામી દાતાઓનો પુરેપુરો આર્થિક સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

# બિલખા તાબાના ચોરવાડી ગામની પરીણીત મહીલા ઘરેથી કહ્યા વગર ચાલી જતા પરિવાર પરેશાન

## બિલખા પોલીસને જાણ કરાતા તપાસ હાથ ધરાઈ

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)
બિલખા તા.૨૧



બિલખા તાબાના ચોરવાડી ગામે રહેતા અશ્વિનભાઈ વજુભાઈ કોટડીયા(ઉ.વ.૪૫)ના ધર્મપત્ની નયનાબેન અશ્વિનભાઈ કોટડીયા(ઉ.વ.૪૦) ઘરેથી કોઈને પણ કીધા વગર ઘરેથી જતા રહ્યાનું જાણવા મળેલ છે. ઉપરોકત બનાવની વિગત એવી છે કે, તા.૨૦-૫ના રોજ સવારે ૭:૩૦ વાગ્યે નયનાબેન ઘરેથી વાડીએ તેમના પતી અશ્વિનભાઈને ભાતુ દેવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા પરંતુ તેઓ વાડીએ પહોંચ્યા ન હતા. આથી અશ્વિનભાઈએ ઘરે ફોન કરતા તેમના માતુશ્રી લાભુબેને જણાવ્યું હતું કે, નયનાબેન તો સવારના ભાત લઈને ઘરેથી નીકળી ગયા છે. આથી અશ્વિનભાઈએ તેમના ધર્મપત્નીની શોધખોળ શરૂ કરેલ હતી પરંતુ કોઈ જાતની ભાળ ન મળતા તેમણે આ અંગેની જાણ બિલખા પોલીસને કરેલ હતી જેની વધુ તપાસ બિલખા પોલીસે હાથ ધરેલ છે. અશ્વિનભાઈ અને નયનાબેનને સંતાનમાં બે દિકરા છે. હીત ધોરણ છમાં અભ્યાસ કરે છે અને યશ ધોરણ ચારમાં અભ્યાસ કરેલ છે. હાલ તો નયનાબેન ઘરેથી લાપતા થતા પરિવાર માથે જાણે આભ તુટી પડયું છે. પરિવાર તેમજ આસપાસમાંથી જાણવા મળતી વિગત પ્રમાણે આ પરિવારમાં કોઈ જાતનો કંકાસ પણ જોવા નથી મળ્યો ત્યારે બનેલ આ બનાવ કોઈના માનવમાં આવતો નથી. નયનાબેને લાલ કલરનો ડ્રેસ અને સફેદ ચુનરી ઓઢેલ છે. જો કોઈની જાણમાં આવે તો અશ્વિનભાઈ કોટડીયા મો.નં.૯૫૩૭૧ ૬૫૯૧૭ ઉપર જાણ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

# ભેંસાણ સરકારી વિનયન કોલેજ ખાતે સેમીનાર યોજાયો

ભેસાણ તા.૨૧



તા. ૧૮/૦૫/૨૪ ના રોજ સરકારી વિનયન કોલેજ ભેસાણમાં GCAS પોર્ટલમાં રજીસ્ટ્રેશન અને એડમિશન બાબતે એક માર્ગદર્શન સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રિન્સિપાલ ડો. વાય.વી.પાઠક સાહેબ હતા તેમણે વિદ્યાર્થીઓને GCAS વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન ડો. વિશ્વજીત કવાએ કર્યું હતું અબે ડો. કવાએ વિદ્યાર્થીઓને GCAS પોર્ટલ પર કેવી રીતે રજીસ્ટ્રેશન કરવું અને કેવી રીતે એડમિશન ફોર્મ ભરવું તેના વિશે માહિતિ આપી હતી. આ કાર્યક્રમમાં ડો.પી.વી. ગુરનાણી અને ડૉ.પંકજ સોલંકીસાહેબ બન્નેએ વિદ્યાર્થીઓને કોલેજની સુવિધાઓ તેમજ વિષય પસંદગી વિશે માર્ગદશન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ગ્રંથપાલ શ્રી નીતિન ગજેરા તેમજ વર્ગ ૪નો સ્ટાફ હાજર રહ્યો હતો.

# જૂનાગઢ તાલુકાના બલીયાવડ ગામે યુવતીને ભગાડી જવાના મનદુઃખે ગેરકાયદેસર મંડળી રચી હુમલો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ તાલુકાના બલીયાવડ ગામે યુવતીને ભગાડી જવાના મનદુઃખે ગેરકાયદેસર મંડળી રચી અને હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવતા કુલ ૧૪ સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે અને તાલુકા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ તાલુકાના બલીયાવડ ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા પ્રવિણભાઈ માધાભાઈ રાઠોડ(ઉ.વ.૪૨)એ દેવા પબાભાઈ વાળા, રમેશ કરશનભાઈ વાળા, રવિ ભીમાભાઈ વાળા, બાબુ કરશનભાઈ વાળા, વિરા બચુભાઈ વાળા, મંજુબેન રમેશભાઈ વાળા, મિતલબેન રમેશભાઈ વાળા, કંચનબેન દેવશીભાઈ રહે.બધા બલીયાવડ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે આ કામના ફરિયાદી પ્રવિણભાઈનો દિકરો પ્રવિણ એકાદ વર્ષ પહેલા આરોપી નં-૨ની દિકરીને ભગાડી ગયેલ હોય અને અજય ગામમાં આવેલ હોય જેનું મનદુઃખ રાખી આરોપી નં-૧થી ૮નાઓએ ગેર કાયદેસર મંડળી રચી કુહાડી, લોખંડના પાઈપ, લાકડીઓ જેવા હથિયાર ધારણ કરી ફરિયાદીના ઘરે જઈ ફરિયાદી તથા સાહેદ પરસોતભાઈ તથા સાહેદ જયાબેન તથા સાહેદ કુંદનબેન તથા સાહેદ અજયને ભુંડી ગાળો આપી ઢીકાપાટુ તથા હથિયારોથી શરીરે આડેધડ મારમારી ફરીયાદી તથા સાહેદોને માથાના ભાગે તથા શરીરે લોહીયાળી ઈજાઓ કરી તથા ફરિયાદીને ડાબા હાથમાં ફેકચર જેવી ઈજા કરી તથા શરીરે મુંઢ ઈજાઓ કરી જીલ્લા મેજી.ના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

જયારે આ જ બનાવના અનુસંધાને દેવાભાઈ પબાભાઈ વાળા(ઉ.વ.૬૦) રહે.બલીયાવડ વાળાએ આ કામના આરોપી અજયભાઈ પ્રવિણભાઈ રાઠોડ, પ્રવિણભાઈ માધાભાઈ રાઠોડ, જયાબેન પ્રવિણભાઈ રાઠોડ, ગૌતમભાઈ છગનભાઈ રાઠોડ, લીલાબેન હનુભાઈ રાઠોડ અને ફરિયાદીની બે દિકરીઓ વિગેરે સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના ભત્રીજા રમેશભાઈની દિકરીને આરોપી નં-૧ એકાદ વર્ષ પહેલા ભગાડી ગયેલ હોય જેના વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થયેલ હોય જે બાબતેનું મનદુઃખ રાખી આરોપી નં-૧ ફરિયાદીને કહેલ કે શીતલને પાછી ભગાડી જવી છે તેમ કહેતા ફરિયાદી આરોપી નં-૨ને વાત કરવા જતા આરોપી નં-૨એ ફરિયાદીને ભુંડી ગાળો દેવા લાગેલ તેમજ લોખંડનો પાઈપ વાસા તથા હાથમાં મારી દેતા ફરિયાદી ભાગવા જતા તમામ આરોપીઓ ફરિયાદીને ભુંડીગાળો દેવા લાગેલ અને પથ્થરનો છુટા ઘા મારવા લાગેલ જેમાં ફરિયાદીને નાકના ભાગે લાગી જતા લોહીયાળ ઈજા કરેલ તથા શરીરને ભાગે ઈજા થયેલ સાહેદ દિવ્યેશ ઉમેશભાઈ પરમાર વચ્ચે આવતા તેને પણ આરોપીઓ છુટા પથ્થરઓના ઘા મારતા સાહેદને ડાબી આંખ તથા શરીરે ઈજા થયેલ. આરોપીઓએ ફરિયાદી તથા સાહેદને શરીરે મુંઢ ઈજાઓ કરી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૩૩૭, ૩૩૮, ૧૪૪, જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.વી. રાઠોડ ચલાવી રહ્યા છે.

# પ્રિ પેઈડ વીજ મીટરના વિરોધમાં આગામી ગુરૂવારે આવેદનપત્ર પાઠવી બાદમાં સર્વ પક્ષીય બેઠક બોલાવી રણનીતિ ઘડવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૧

વર્તમાન સરકાર દ્વારા જનતાની માલિકીની જાહેર ક્ષેત્રના અનેક નિગમો કંપનીઓ સાહસોનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે વધુ ગુજરાતમાં વધુ એક વીજ પુરવઠો પૂરૂ પાડતી વીજ કંપનીનું વિકાસના નામે ખાનગીકરણ કરી જાહેર જનતાને લૂંટી ખાનગી કંપનીઓને લાભ અપાવવાના મલિન ઈરાદા સાથે હાલ તાજેતરમાં જાહેર જનતાની સહમતી વિના પ્રી પેઈડ સમાર્ટ વીજ મીટર લગાવવામાં આવી રહ્યા છે. જેના ચાર્જીસ અનેક ગણા વધારે છે. જે સામાન્ય જનતાને પરવડે નહિ ત્યારે આ પ્રિ પેઈડ સ્માર્ટ વીજ મીટર લગાવવાના વિરોધમાં કોમી એકતા રાષ્ટ્રિય એકતા સમિતિ જૂનાગઢ દ્વારા આગામી ગુરૂવાર તારીખ ૨૩-૫-૨૦૨૪ના રોજ કલેકટર તેમજ સબંધિત વિભાગને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવશે. ત્યાર બાદ જૂનાગઢ શહેર જિલ્લાની એન .જી.ઓ., સામાજિક સંસ્થાઓ તેમજ સર્વ પક્ષીય આગેવાનોની એક બેઠક બોલાવી આ બાબતે આગામી રણનીતિ ઘડવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## વિસાવદર તાલુકાના જુની ચાવંડ ગામે સગીર બાળાનું અપહરણ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૧

વિસાવદર તાલુકાના જુની ચાવંડ ગામે રહેતા એક પરિવારની ૧૭ વર્ષ ૧ માસની ઉંમર ધરાવતી સગીર બાળાનું જેતપુરના ચારણ સમઢીયાળા ગામના ચિરાગ દિનેશભાઈ ચાવડા નામનો શખ્સ લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૬૩, ૩૬૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૮૧માં એટીએમ લગ્ન યોજાયા : સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા દલિત સમાજની દીકરીના આદર્શ એટીએમ લગ્ન યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા અંબિકા ચોક ખાતે આવેલ સુશીલાબેન છોટાલાલ શાહ હોલમાં તા.૧૯-૫-૨૪ને રવિવારના રોજ જરૂરિયાતમંદ દલિત સમાજની દીકરી કુ. આશા રમેશભાઈ રાઠોડના ૮૧માં એટીએમ લગ્ન ખૂબ જ ધામધૂમથી યોજાયો હતો. જેમાં સંસ્થા દ્વારા ૫૧ જેટલી ચીજવસ્તુઓ કરિયાવર પેટે આપવામાં આવેલ અને ખૂબ જ ધામધૂમથી આ લગ્ન પ્રસંગ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, અલ્પેશભાઈ પરમાર, શાંતાબેન બેસ, દિપકભાઈ રૂપારેલ, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, સરોજબેન જોશી, દયાબેન માણેક, કેતનભાઈ નાંઢા, મનોજભાઈ સાવલિયા, કમલેશભાઈ ટાંક વિગેરે ટ્રસ્ટીગણ અને સેવાભાવીઓ દ્વારા જહેમત ઉઠાવી આ લગ્ન પ્રસંગ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમ્યાન સન્માન



જૂનાગઢ તા.૨૧

રૂદ્ર હનુમાન મંદિર ના પટાંગણમાં ચાલી રહેલ શ્રીમદ્ ભગવદ્ સપ્તાહ માં વ્યાસપીઠ પર બિરાજમાન શાસ્ત્રી હાર્દિક ભાઈ ઠાકર આચાર્ય પ્રા શાળા ઝાંઝરડા નું સન્માન જુનાગઢ તાલુકા બ્રહ્મ શિક્ષણ પરિવાર દ્વારા વ્યાસ સ્થાને ગઈ કાલે સન્માન કરવામાં આવ્યું હતું.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૧

યાત્રાધામ દ્વારકામાં શ્રી ભગવાન દ્વારકાધીશ ને કુંડલા ભોગ અર્પણ કરવામાં આવેલ દ્વારકાના ગુગળી જ્ઞાતિ સમસ્ત ૫૦૫ ના યશવંતભાઈ રજનીકાંત દવે તરફથી કુંડલા ભોગ ભગવાન દ્વારકાધીશ ને અર્પણ કરવામાં આવેલ તેમજ ગરમી નાં દિવસોમાં ભગવાન દ્વારકાધીશને પૂજારી શ્રી પ્રણવ ભાઈ તથા હાર્દિક ભાઈ પૂજારી દ્વારા અદભુત પુષ્પ શ્રુંગાર કરેલ જે દર્શન નો લાભ બહોળી સંખ્યા મા ભાવિકો એ લીધો.

# રાજકોટ કેન્સર કલબ દ્વારા કેન્સરની બીમારી સામે જંગ જીતનાર મહિલાઓનું સન્માન કરાયું



જૂનાગઢ તા.૨૧

રાજકોટ કેન્સર કલબ દ્વારા સયાજી હોટલ ખાતે કેન્સર જેવી કિ ગંભીર બીમારી સામે જંગ જીતનારી મહિલાઓ માટે ગુજરાત માં પ્રથમ ફેશન શો યોજવામાં આવ્યો હતો કેન્સર જેવી ગંભીર બીમારી સામે જાગૃતિ મદદ અને માર્ગદર્શન ઉપદેશ સાથે કેન્સર કલબ દ્વારા ફેશન શો યોજવામાં આવ્યો હતો અને સંપુર્ણપણે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ આશરે ૮૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. એમાં થી એક પોરબંદર નાં વતની ત્રિવેણી બેન લશ્કરી પણ ભાગ લીધો હતો અને આ ફેશન શો નાં રેમ્પ વોક કરી ચાર ચાંદ લગાવી દીધા હતા અને પોરબંદર અને રામાનંદીસાધુ સમાજ નું ગૌરવ વધારી દીધું હતું ત્રિવેણી બેન આવી ગંભીર બીમારી થી પસાર થઈ પતિ ની ગેરહાજરી હોવા છતાં બાળકો ને ઉછેર કરી એક મિસાઈલ ઉભી કરી અને બીજા કેન્સર ગ્રસ્ત દર્દીઓ ને પ્રેરણાદાયી બન્યા.ત્રિવેણી બેન લશ્કરી સાંપ પકડવા નું કામ નિસ્વાર્થ ભાવે કરે છે અને કોઈ રાજી ખુશીથી બક્ષીશ આપે તો લે છે અને કેન્સર જેવી ગંભીર બીમારી ને ગણકાર્યા વગર હસતાં મોઢે દીકરી સાથે આનંદ થી જીંદગી જીવે છે.

# જૂનાગઢ નજીક ટ્રેન હડફેટે કુતિયાણાનાં દંપત્તિનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ નજીક ટ્રેન હડફેટે કુતિયાણાનાં દંપત્તિનું મૃત્યું થતાં ગમગીની સાથે અરેરાટી પ્રસરી ગઈ હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર કાંતીભાઈ દેવશીભાઈ સુરેલા (ઉ.વ.૫૫) તથા વિજીયાબોન કાંતીભાઈ સુરેલા(ઉ.વ.૫૨) રહે.કુતિયાણા ચુનારાવાસ પાસે વાળા ગઈકાલે સાબલપુર ગામે મેલડી માતાજીના મંદિરે દર્શને આવ્યા હતાં અને ત્યારબાદ પતિ-પત્ની રેલ્વે ટ્રેક પરથી પસાર થઈ રહયા હતાં ત્યારે જૂનાગઢ નજીકનાં ધોરાજી પાસે આવેલ લોલ નદી પરના પુલ વચ્ચે પહોંચતાં ટ્રેન આવી જતાં બંને ટ્રેન હડફેટે આવી ગયા હતાં અને બંનેને ગંભીર ઈજા થતાં તેમનું મૃત્યું થયું હતું. તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ મનપા દ્વારા રાષ્ટ્રિય ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત ઝુંબેશ દ્વારા કરવામાં આવેલ સ્પેશિયલ ડ્રાઈવ યોજાઈ

જૂનાગઢ, તા.૨૧

રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત જૂનાગઢ મનપા દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવ યોજી અને મચ્છર ઉત્પતિ અટકાવવાની કામગીરી કરવામાં આવી છે.

ચોખ્ખા અને બંધીયાર પાણીમાં પેદા થતો એડીસ પ્રકારના ચેપી માદા મચ્છર દ્વારા તંદુરસ્ત વ્યક્તિને દિવસે કરડવાથી ડેન્ગ્યુ રોગ ફેલાય છે. ચોમાસા ઋતુમાં વરસાદી પાણીના નાના મોટા પાત્રો મા ભરાવાથી એડીસ પ્રકારના મચ્છર પેદા થાય છે. જે નાના મોટા પાત્રોમાં પાણીનો નિકાલ કરવાથી મચ્છર તેમાં ઈંડા મૂકી શકતા નથી. આવી રીતે રોગથી સ્વયંભુ બચી શકાય છે.





ભારત સરકાર દ્વારા ડેન્ગ્યુ નિયંત્રણ અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા અન્વયે આ ઉદેશને સાકાર કરવા સઘન ઝુંબેશ શરૂ કરેલ છે. જેના ભાગરૂપે હાથ ધરવાની થતી જુદી જુદી પ્રવૃતિઓનું આયોજન અને કરી અને આરોગ્ય કર્મચારી ઓને ૬૦ ટીમો બનાવી અને તા-૨૨/ ૨૪/૨૦૨૪થી ૧૮/૫/૨૦૨૪ સુધીમાં શહેર ના જુદા જુદા વિસ્તારોમાં અંદાજીત ૭૪૦૦૦ ધરોમાં સર્વેલન્સ કરવામાં આવેલ જેમાં જુદા જુદા ૨૪૩ ધરોમાં ૪૧ મચ્છર ઉત્પતિ સ્થાનો શોધવા માં આવેલ જેનો નાશ કરવામાં આવેલ છે તદઉપરાંત ગંદા પાણીના કરર ખાડાઓમાં બળેલ ઓઈલનો છંટકાવ કરી મચ્છર ઉત્પતિ અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે.

**NVBDCP** પ્રોગામ અંતર્ગત જાહેર કરેલ દર વર્ષની જેમ ૧૬મી, મે, ૨૦૨૪ના રોજ રાષ્ટિય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દર વર્ષે જેમ એક થીમ - **"Connect with Community, Control Dengue"** (ચાલો સૌ સાથે મળીને ડેન્ગ્યુ પર નિયંત્રણ મેળવીએ) ઉજવણી કરવામાં આવે છે. જેનો હેતુ ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોના અસરકારક નિયંત્રણ નાબુદી માટે વિવિધ આઈ.ઈ.સી માધ્યમથી જનજાગૃતિ કેળવવા જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવા જુદી જુદી કામગિરી કરવામાં આવેલ.

રાષ્ટ્રિય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવણીમાં ફિલ્ડ કામગીરીની વિગતમાં જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આરોગ્ય કાર્યકરો આશાની ૬૦ ટીમ દ્વારા દરેક અર્બન હેલ્થ સેન્ટરમાં હાઉસ ટુ હાઉસ રૂબરૂ ઘરોની ફિલ્ડ મુલાકાત કરી સર્વેલન્સ, પોરાનાશક, આરોગ્ય શિક્ષણ કામગીરી માં બેનર અને પોસ્ટર લગાવવા, પત્રીકા વિતરણ અન્ય આરોગ્ય શિક્ષણની કામગીરીની ઝુંબેશ તા.૧૦-૦૫-૨૦૨૪થી તા.૩૦-૦૫-૨૦૨૪ સુધી હાથ ધરવામાં આવનાર છે. ડેન્ગ્યુ રોગથી લોકોએ ગભરાવવાની કે ખોટી દહેશત ફેલાવવાની જરૂર નથી. ડેન્ગ્યુ તાવના લક્ષણો જણાય તો નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર/ સામુહિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલો કે આરોગ્ય કાર્યકરનો તાત્કાલિક સંપર્ક કરીને લેબોરેટરી પરીક્ષણ કરાવી સારવાર લેવા વિનંતી. વાહકજન્ય રોગોનો ફેલાવો અટકાવવા માટે રાજ્ય સરકારના ઘનિષ્ઠ પ્રયત્નોને સફળતા મળે તે માટે આપના ઘર તથા આજુબાજુ પાણીના ખુલ્લાં પાત્રો કે પાણીના ભરાવવાઓ ન રહેવા પામે તેમજ ચોમાસા દરમ્યાન વરસાદનું પાણી ભરાઈ શકે તેવા નાના મોટા પાત્રોનો નિકાલ કરી અને આપણા શહેરને મલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા ના સંભવિત રોગચાળાથી મુક્ત રાખવા સૌ સાથે મારી પ્રયતન કરવા માફ કમિશ્નર ડો.ઓમ પ્રકાશ મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.

# હીટવેવ અને લૂથી રક્ષણ મેળવવા વારંવાર પાણી પીવું જરૂરી : આહારમાં તીખુ, વધુ પડતું પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળવું હિતાવહ

જૂનાગઢ તા.૨૧

ભારે ગરમીને ધ્યાનમાં રાખીને જૂનાગઢ આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા શહેરીજનોને હીટવેવથી બચવા માટે જરૂરી કાળજી લેવા માટે અપીલ કરી છે. હીટવેવ અને લૂ થી રક્ષણ મેળવવા માટે બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવા જોઈએ. જેમ કે પાણી, લીંબુ શરબત, છાશ, નાળિયેર પાણી અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું, તાજા ફળો અને શાકભાજી ખાવા, તીખુ ખાવાનું ટાળો, તેમજ આહારમાં વધુ પડતું પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળો, ચા કોફી અને સોડા વાળા પીણાં પર નિયંત્રણ રાખો. બહાર જતી વખતે છત્રી,ટોપી, કે સ્કાર્ફ સાથે રાખવું, લાંબો સમય તડકામાં ન રહેવું, આછા રંગના તેમજ ઢીલા સુતરાઉ કપડાં પહેરવાં, કામ કરતી વખતે થોડા થોડા સમયે વિરામ લેવો જોઈએ, અને ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો અને નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું. લૂ લાગવાના લક્ષણોમાં ગરમીની અળાઈઓ, ખુબ પરસેવો થવો અને અશક્તિ લાગવી, માથાનો દુઃખાવો,ચક્કર આવવા, ચામડી લાલ-સુકી અને ગરમ થઈ જવી, સ્નાયુઓમાં દુઃખાવો અને અશક્તિ આવવી, ઉબકા અને ઉલ્ટી થવીનો સમાવેશ થાય છે. ઉપરાંત જરૂરી સારવાર માટે નજીકનાં સરકારી દવાખાના **CHC, PHC, UHC**નો સંપર્ક કરવો.



# જૂનાગઢમાં મુંગા અબોલ જીવો માટે પાણીનાં અવેડા બનાવવા માંગ

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ શહેરમાં મુંગા જીવો માટે પાણી માટે અવેડા અથવા કુંડીઓ મુકવાની લાગણી જાગૃત સેવાભાવી દ્વારા વ્યકત કરવામાં આવી છે. અત્યારની કાળજાળ ગરમીમાં તમામ જીવોની હાલત દયાજનક છે તેમાં પણ અબોલ જીવોને આ તડકામાં આશ્રય સ્થાન ક્યાંય જોવાં મળતું નથી. એક સમયમાં નવાબી શાસન દરમ્યાન મૂંગા અબોલ જીવો માટે ખાસ દરેક વિસ્તારમાં અવેડા તેમજ વૃક્ષો વાવતા હતાં. જેમાના તંત્રનાં પાપે ગણ્યાં ગાંઠિયા અવેડા જોવાં મળે છે. આવા ધોમ ધખતા તડકામાં મૂંગા અબોલ જીવ ની વેદનાઓ કોણ સાંભળે. તેમજ જેતે સમયે લગભગ જગ્યાએ પાણીનાં પરબ હતા જે રાહદારીની તરસ છીપાવતા હતા. મૂંગા ઢોર માટે કોઈ સેવાકીય સંસ્થાઓ તેમજ મનપા દ્વારા અવેડા જે નડતરના હોય તેવી જગ્યાએ બનાવવાં જોઈએ. અથવા પાણીની કુંડીઓ મુકવી જોઈએ તો તેની વેદનાઓને વાચા મળે. માણસ તો ગમે ત્યાં ઠંડુ પાણી પી શકે. આ અબોલનું કોણ જેથી આ અંગે ઘટતું કરવા માંગણી ઉઠવા પામી છે.



# કડિયા બોર્ડિંગ, કન્યા છાત્રાલય, કુમાર છાત્રાલય જૂનાગઢના પ્રમુખ અને મંત્રીની નિમણુંક કરાઈ





જૂનાગઢ, તા.૨૧

શ્રી ગુર્જર ક્ષત્રિય સમસ્ત કડિયા ખેડૂત જ્ઞાતિ બોર્ડિંગ - જૂનાગઢના પ્રમુખ તરીકે જે. કે. ચાવડા અને મંત્રી તરીકે પ્રવીણભાઈ મારું ની નિમણુંક કરવામાં આવી. આજરોજ કડિયા બોર્ડિંગના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વહીવટી સમિતિ અને કારોબારી સમિતિ ની બેઠક આ સંસ્થા ના ઉપ પ્રમુખ પ્રકાશભાઈ ચૌહાણના અધ્યક્ષસ્થાને મળેલ. જેમાં આ સંસ્થાના છેલ્લા ૩૨ વર્ષ ઉપરાંતથી પ્રમુખ પદે રહેલા એવા અને જૂનાગઢના પૂર્વ મેયર ધીરૂભાઈ ગોહેલનું અવસાન થતા કડિયા બોર્ડિંગના પ્રમુખની જગ્યા ખાલી પડતા નવા પ્રમુખ અને ટ્રસ્ટીઓની નિમણુંક કરવા અને કન્યા છાત્રાલય, કુમાર છાત્રાલયના સંચાલન અને વહીવટમાં જરૂરી સુધારા - વધારા માટેની બેઠક મળેલ હતી. બેઠકમાં પ્રથમ ધીરૂભાઈ ગોહેલનું અવસાન પછીની આ પહેલી બેઠક હોય તેઓને શ્રદ્ધા સુમન આપી, બે મિનિટનું મૌન પાળી, સાથે જૂનાગઢના પ્રમુખ વિવેભાઈ ધીરૂભાઈ ગોહેલનું સ્વાગત સન્માન સહીત સર્વેનું સ્વાગત કરી બેઠકની શરૂઆત કરવામાં આવી જેમાં આજ બોર્ડિંગમાં મંત્રી તરીકે જવાબદારી સાંભળતા એવા, નિવૃત સમાજ કલ્યાણ અધિકારી અને પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ અને જે. કે. ચાવડાની પ્રમુખ તરીકે અને મંત્રી તરીકે શ્યામ વિદ્યાલયના સંચાલક એવા પ્રવીણભાઈ મારૂની મંત્રી તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી. સાથે સાથે આ સંસ્થામાં જૂનાગઢ શહેર, જિલ્લા અને તાલુકા, ગીર સોમનાથ જિલ્લો, રાજકોટ જિલ્લા માંથી ટ્રસ્ટીઓ તરીકે ૧) કડિયા સમાજ જૂનાગઢના પ્રમુખ વિવેકભાઈ ગોહેલ, ૨) વેરાવળના શૈલેષભાઈ પરમાર, ૩) ધોરાજીમાંથી કિશોરભાઈ વાઢેર, ૪) ઉપલેટામાંથી પી. પી. ટાંક, ૫) મેંદરડામાંથી અશોકભાઈ સોલંકી અને ૬) વંથલી તાલુકામાંથી જયસુખભાઈ કાચાની ટ્રસ્ટીઓ તરીકે સર્વાનુમતે નિમણુંક કરી જવાબદારી સોપવામાં આવેલ છે અને ઉપ પ્રમુખ ગોરધનભાઈ ટાંકએ સ્વૈછીક રીતે આપેલ રાજીનામુ પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું. આ બેઠકમાં હોદ્દેદારો સર્વે ઉપ પ્રમુખ પ્રકાશભાઈ ચૌહાણ, મંત્રી જે. કે. ચાવડા, ખજાનચી કિશોરભાઈ ચોટલીયા, જૂનાગઢ સમાજના પ્રમુખ વિવેકભાઈ ધીરૂભાઈ ગોહેલ સહીત ટ્રસ્ટીઓ, વહીવટી સમિતિના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો , સેવા સંસ્થાના પ્રમુખ વજુભાઈ કાચા સહીત જૂનાગઢ શહેર, જિલ્લાના તમામ તાલુકા, ગ્રામ્ય વિસ્તાર, ગીર સોમનાથ જિલ્લો, નાઘેર વિસ્તાર, રાજકોટ જિલ્લાના ધોરાજી, ઉપલેટા, જામનગર શહેર અને અમરેલી જીલ્લા સહીતના જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

# ઉનાથી ગીરગઢડા જતો હાઈવે અકસ્માત ઝોન બન્યો : પગલા ભરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૧

ઊનાથી ગીરગઢડા જતો હાઈવે રોડ અકસ્માત ઝોન બની ગયો હોય તેમ લાગે છે. છેલ્લા એક માસથી પાચથી વધુ અકસ્માતો થયા છે. જેમાં બે દિવસ પહેલા ઊના તાલુકાનાના ખાપટ ગામના એક આધેડ વયના વૃધ્ધ માલાભાઈ મોરી ઊના-ગીરગઢડા જઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને હડફેટે લેતા માથામાં અને શરીરના ભાગો ઉપર ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ૧૦૮ મારફત ઊનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતાં ત્યાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું તેમજ ગઈકાલે રાત્રે ઊના-ગીરગઢડા રોડ ઉપર જીનીગ મિલની આગળ એક વરના મોટર કાર નંબર જીજે ૦૫ જેએલ ૭૪૯૪ના ચાલકે કારના સ્ટેરીંગ ઉપરથી કાબૂ ગુમાવતા કાર વીજ પોલ સાથે ભટકાઈ બાવળની ઝાડીમાં ઘૂસી ગઈ હતી. અંદર બેઠેલ લોકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. સદ નસીબે જાન હાની થઈ ના હતી. અગાઉ આ જ રોડ ઉપર વડવિયાલા ખાપટ રોડ ઉપર એક ત્રણ વરસની સિંહણનો પણ મૃતદેહ મળી આવેલ હતી તે. ખરે ખર અકસ્માત હતો રોડ ઉપર સિંહણના મૃતદેહ આગળ મોટા વાહનના ટાયરના નિશાનો જોવા મળે લ હતા પરંતુ વન વિભાગ ઈન્ફાઈટમાં મોત જાહેર કરેલ હતું તેમજ બીજા ત્રણ વાહન અકસ્માતો થયા હતા. પોલીસ આ રોડ ઉપર પેટ્રોલિંગ કરી વાહન અકસ્માત થતા અટકાવે તેવી લોક માંગણી ઉઠી છે.

# કોડીનારની ન્યુ એરા સિનેમા વિરૂધ્ધ કલેક્ટર ડી.ડી. જાડેજાએ કડક કાર્યવાહી કરી સિનેમા શીલ કર્યું

## લાઈસન્સ રીન્યુ અને ફાયર સેફટીના મુદ્દે કોડીનાર મામલતદારે કાર્યવાહી કરી






(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૧

ગીરસોમનાથ જીલ્લાના કોડીનાર ખાતે છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત ન્યુ એરા સિનેમામાં ફાયર સેફટીનાં નિયમોનું તથા ઘણા લાંબા સમયથી સિનેમા લાયસન્સ રીન્યુ ન કર્યા હોવાનું જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાનાં ધ્યાને આવતા જાહેર જનતાની સુરક્ષાને ધ્યાને લઈ કોડીનાર મામલતદારને હુકમ કરી સિનેમાનું લાયસન્સ ગુજરાત સિનેમા રૂલ્સ-૨૦૧૪ના નિયમ -૧૩૬ની જોગવાઈની જોગવાઈ આધારે સસ્પેન્ડ કરી સિનેમા બિલ્ડિંગ, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ મેઝર્સ (એમેન્ડમેન્ટ) રૂલ્સ -૨૦૨૧ના નિયમ -૧૪(૧) મુજબ થર્ડ શેડ્યુઅલમાં સમાવેશ થતો હોવાથી સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરતા ચકચાર મચી છે. આ તકે સિનેમાના સંચાલક ગોપાલભાઈ ગોહિલએ જણાવ્યું હતું કે ફાયર સેફટીની પૂર્તિ સુવિધા છે પણ ફાયરનો અભિપ્રાય લેવાનો બાકી હોવાથી લાયસન્સ પણ રીન્યુ થયું નથી જે ટૂંક સમયમાં થઈ જતા ફરી સિનેમા કાર્યરત કરવામાં આવશે.

# શ્રી સોરઠીયા વાળંદ સમાજ અને ચુડાસમા પરિવારનું ગૌરવ

જૂનાગઢ, તા.૨૧

મુળ અમરાપુર ગીર ગામના અને હાલ જૂનાગઢ શહેર નિવાસી જગદીશભાઈ નરસિંહભાઈ ચુડાસમા તથા મીનાબેન જગદીશભાઈ ચુડાસમાનાં સુપુત્ર ડો.મહેશભાઈ જગદીશભાઈ ચુડાસમા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં **B.V.Sc. & AH**નો અભ્યાસ પૂર્ણ કરી વેટરનરી ડોક્ટર (પશુ ચિકિત્સક) બનવાની સિદ્ધિ બદલ ચુડાસમા પરિવાર તેમજ સોરઠીયા વાળંદ સમાજનું ગૌરવ વધારેલ છે.




# ગીર જંગલની મધ્યમાં આવેલ ગીર સોમનાથના સૌથી મોટા શીંગવડા ડેમમાંથી ૧૬ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે ઉનાળું પાણી છોડાયું : ખેડૂતોમાં ખુશીની લહેર

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૧

ગીર જંગલની મધ્યમાં આવેલ ગીર સોમનાથના સૌથી મોટા શિંગોડા ડેમમાંથી ૧૬ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી છોડાયું તો જિલ્લાના બાકી ડેમો માંથી ૭૦ જેટલા ગામોના ખેડૂતોને પિયત માટે ઉનાળુ સીઝનના ૩ પાણી છોડવાનું નક્કી થયું તે પૈકીનું ઉનાળુ સીઝનનું છેલ્લું અને કોરવાણનું પાણી છોડાતા ગીરના ખેડૂતોને ઉનાળુ પાક લેવામાં ફાયદો થશે.





કોડીનાર તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોનાં ખેતરમાં ઉનાળુ તૈયાર થઈ ચૂક્યા છે જેમાં તલ, અડદ, મગ બાજરી, શેરડીનું વાવેતર છે. આ પાક જીવંત રાખવા પાણીની ખાસ જરૂરિયાત હોય તેને ધ્યાનમાં રાખી તે માટે જરૂરી પાણી શીંગવડા ડેમમાંથી સિંચાઈ માટે અપાઈ રહ્યું છે. શીંગવડા ડેમની મુખ્ય કેનાલ અને બ્રાન્ચ કેનાલની જરૂરિયાત મુજબની સફાઈ કરીને પાણી છોડવામાં આવતા કેનાલમાં ૧૨૫ ક્યુસેક પાણી અવિરત વહી રહ્યું છે. આ કેનાલ દ્વારા ખેડૂતોના ખેતરો પાક પાણી પી રહ્યા છે અને પાકને પૂરતા પ્રમાણમાં પાણી મળવાથી ખેડૂતોમાં ખુશી વ્યાપી છે.

એક તરફ ઉનાળાએ પોતાનું આકરૂ સ્વરૂપ ધારણ કર્યું છે. અને ગુજરાતના અનેક વિસ્તારોમાં પાણી માટે પોકાર છૂટી રહ્યા છે. જયારે આમ પણ છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસુ પણ નબળું હોવાને લઈ કુવાઓના તળ ઊંડા ગયા છે. ત્યારે ગીર સોમનાથનાં સૌથી મોટા ડેમ શિંગોડા સિંચાઈ યોજનામાંથી ઉનાળુ પાક માટે ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું સિંચાઈ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ તેમજ ખેડૂતોની સાથે પરામર્શમાં કરી આવશ્યકતા મુજબ કેનાલમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આ શિંગોડા ડેમમાંથી કુલ ૧૬ ગામોના ખેડૂતોની ૧૨૦૦ હેકટર જમીનને પિયત માટે પાણી અપાઈ રહ્યું છે. ગીર જંગલમાં આવેલા ડેમની પાણીની કેપેસીટની જો વાત કરીએ તો ૧૮.૮૦ મીટર જેટલી કેપેસીટ છે. જ્યારે હાલ ડેમમાં કુલ ૨૫ ટકા જેટલો જથ્થો છે. જેમાંથી ડેમ ગીર જંગલની મધ્યમાં હોવાથી વન્ય જીવો જેવા કે સિંહ, દીપડા, હરણ, સાંબર સહિત નાના મોટા વન્ય પ્રાણીઓ માટે ૧૦૦ **mcf** અને ૨૪ ગામના લોકોને પીવા માટે ૧૦૦ **mcf** પાણીનો જથ્થો રિઝર્વ રાખ્યા બાદ ૧૬ જેટલા ગામોને સિંચાઈ માટે પાણી પૂરૂ પડાય છે. ગીરમાં કુલ પાંચ ડેમો આવેલા છે. જે તમામ માંથી ગીરમાં ૭૦ જેટલા ગામોના ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવે છે. જેમાં શિયાળુ ૫ અને ઉનાળુ ૩ પાણી સહિત ઉનાળાના આખરી સમયે કોરવાણ માટે પણ પાણી આપવામાં આવતા શીંગવડા ડેમની સી.ડી કેનાલમાંથી જે ૧૬ ગામના ખેડૂતોને પાણી મળી રહ્યું છે તે ગામોને જો સિંચાઈ માટે પાણી ન મળે તો જમીન બંઝર બની જાય તેવી પરિસ્થિતિ હતી. પરંતુ પાણી મળવાથી ખેડૂતોની જમીન ફળદ્રુપ બની છે. આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ તો એવી છે કે ૧૦ પૈકી ૪ ગામોના તળમાં તો પાણીજ નથી. ત્યારે આ કેનાલ ખેડૂતોની જીવાદોરી બની છે. આથી ખેડૂતો ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

આ તકે શિંગોડા ડેમ અને કેનાલના મદદનીશ ઈજનેર કે.ડી.ચાવડાએ જણાવ્યું હતું કે, હાલ ખેડૂતોની જરૂરિયાત મુજબ ઉનાળુ ૩ પાણી સહિત ઉનાળા ના આખરી સમયે અત્યારે કોરવાણ માટે પણ પાણી આપવામાં આવ્યું છે. આ પાણી પૂરૂ થયા બાદ હવે શિંગોડા ડેમમાં માનવી અને પશુ, પક્ષી પૂરતો બચેલો જથ્થો છે તે રિઝર્વ રાખશે અને જો ચોમાસુ ખેંચાઈ તો પણ હાલની સ્થિતિએ આ વિસ્તાર પૂરતું પીવાનું પાણી મળી રહેશે તેવું શિંગોડા ડેમના અધિકારી દ્વારા જણાવાયું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ચીન સાથેનાં વેપાર અસંતુલનને નિયંત્રિત કરવાની જરૂર

ભારત અને ચીનનો સંબંધ બહુ જટિલ છે. સીમા વિવાદને કારણે અદાવત પણ છે અને ટ્રેડના મોરચે મોટું ભાગીદાર પણ છે. ભારત ચીનના જીડીપીમાં ભારે યોગદાન આપી રહ્યું છે, છતાં ચીન ભારતનું જ હરસંભવ નુકસાન કરવાની કોશિશ કરતું રહે છે. ૨૦૨૦માં ગલવાનની હિંસક સૈન્ય ઘટના બાદ ભારતમાં ચીની સામાનના બહિષ્કારની હવા ચાલી. અનેક સંગઠનોએ ચીનથી આયાત નહિ કરવાના સોગંદ ખાધા, એ માનવામાં આવ્યું કે જો ભારત ચીનથી આયાત નહીં કરે તો તેનાથી ચીનને ઝાટકો લાગશે અને ચીન માટે ભારતની નારાજગી સહન કરવી આર્થિક રૂપે મોંઘી પડશે, પરંતુ ધરાતલ પર એવું કશું ખાસ ન થયું. ભારત ચીનથી આયાત કરે છે. આ આયત સમય સાથે વધતી જ ગઈ છે. ૨૦૨૩-૨૪માં ચીન ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. અમેરિકા સાથે વેપાર તેમ છતાં સંતુલિત છે, જેમાં ભારત વધુ નિકાસ કરી રહ્યું છે અને ઓછી આયાત કરી રહ્યું છે , પરંતુ ચીન સાથે વ્યાપક સ્તર પર વેપાર ખાધ જોવા મળે છે. ભારત બહુ વધુ પડતી આયાત ચીનથી કરી રહ્યું છે અને ચીનને બહુ ઓછી નિકાસ કરી રહ્યું છે.

ગયા વર્ષે ભારત અને ચીન વચ્ચે ૧૧૮.૪ અબજ ડોલરનો પરસ્પર વેપાર થયો, જેમાં ચીનથી ભારતની આયાત ૩.૨૪ ટકા વધીને ૧૦૧.૭ અબજ ડોલર થઈ ગઈ. એટલેકે ચીન સાથે ભારતની વેપાર ખાધ લગભગ ૮૫ અબજ ડોલરની છે. આ બહુ મોટું અસંતુલન છે. આ અસંતુલનને ઠીક કરવાની જરૂર છે. કાં તો ભારત ચીનથી આયાત ઓછી કરે અને પોતાના પૂરવઠા માટે નવો વિકલ્પ શોધે અથવા તો ભારત ચીનને આયાત વધારવા માટે મજબૂરલ કરે. ભારત અને ચીન વચ્ચે વેપાર અસંતુલન કેટલાય દાયકાઓથી છે. ભારત સરકારે એના તરફ ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ. એ સાચું કે આજે દુનિયા ટ્રેડ જાળમાં પરસ્પર ગૂંથાયેલી છે, પરંતુ ભારતે પોતાના હિતોનું ધ્યાન રાખવું પડશે. ભારતે ચીન સાથે સીમા વિવાદ ઉકેલવા માટે ટ્રેડ કૂટનીતિનો ઉપયોગ કરવો જોઈએ. આજે હજારો ચીની કંપનીઓ ભારતમાં કામ કરી રહી છે. આ જ સ્થિતિ ભારતીય કંપનીઓ માટે પણ ચીનમાં હોવી જોઈએ. ભારતની ચીનને લોહ, સુતરાઉ દોરા-કપડાં, હાથશાળ, મસાલા, ફળ, શાકભાજી, પ્લાસ્ટિક અને લિનોલિયમ જેવા ક્ષેત્રોમાં નિકાસ વધી છે. ભારત ચીનથી ઈલેક્ટ્રોનિક સામાન, ન્યૂક્લિયર રિએક્ટર્સ, બોઈલર, ઓર્ગેનિક કેમિકલ, ફર્ટિલાઈઝર, ગાડીઓ સાથે જોડાયેલ સામાન અને એલ્યુમિનિયમ વગેરેની આયાત કરે છે. ભારતનું ચીન અને અમેરિકા સાથે વેપારના આંકડામાં મામૂલી અંતર છે. આર્થિક શોધ સંસ્થા ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના આંકડા અનુસાર, ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૨૦૨૩-૨૪માં ૧૧૮.૩ અબજ ડોલર રહી છે. ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં અમેરિકા, ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ચીન ૨૦૧૩-૧૪થી ૨૦૧૭-૧૮ સુધી અને ૨૦૨૦-૨૧માં પણ ભારતનું શીર્ષ વેપારી ભાગીદાર હતું. અર્થવ્યવસ્થાની ગતિ માટે જરૂરી છે કે ભારતનો વૈશ્વિક વેપાર સતત વધતો રહે, પરંતુ ચીન સાથે આટલા મોટા વેપાર અસંતુલનને નિયંત્રિત કરવાની જરૂર છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એકવાર આપીને ભૂલી જાવ પરંતુ લઈને કદાપી ન ભૂલો...

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૧૩ ભગવાન શ્રી નૃસિંહ જયંતિ તા.૨૧ મે ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૨, સ્વાતિ નક્ષત્ર, વ્યતિપાત યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૨૭

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યો કરી શકશો, મનની મુરાદ બર આવે.
વૃષભ:પ્રિયજનનો વિરહ વેઠવો પડે, અટકી-અટકીને કાર્ય સફળ થાય.
મિથુન:જીવનસાથી સાથે વાણીઘર્ષણ થાય, આર્થિકલાભની તક સાંપડે.
કર્ક: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મેળવી શકશો. મન પ્રફુલ્લિત રહે.
સિંહ: નવું આર્થિક રોકાણ ન કરવું હિતાવહ, હિતશત્રુઓથી સાવધ રહેવું.
કન્યા: મનમાં ગુપ્ત ચિંતા સતાવે, મહત્વની કામગીરીમાં રૂકાવટ આવે.
તુલા: અણગમતા કાર્યો ફરજીયાત કરવા પડે, માનસિક અશાંતના ભોગ બનવું પડે.
વૃશ્ચિક:મહત્વની સમસ્યા હલ થઈ જાય, આકસ્મિક પ્રવાસ થાય.
ધન: મહત્વના કાર્યને મુલત્વી રાખવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય.
મકર: ગમેતેવી અડચણો વચ્ચે પણ કાર્ય સફળ થાય, મનમાં આનંદ-ઉત્સાહ વધે.
કુંભ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આકસ્મિક કાર્ય, સફળતાના યોગ છે.
મીન: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો હિતાવહ, આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

ડ્રાઈવિંગ ટ્રેક પર ૧૮ કેમેરા રહેશે

# રાજ્યની તમામ RTOમાં હવે AI વીડિયો એનાલિસિસ ડ્રાઈવિંગ ટેસ્ટ



## ગુજરાત રાજ્યની દરેક આરટીઓ કચેરીમાં હવે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે એઆઈ વીડિયો એનાલિસિસ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્યની દરેક આરટીઓ કચેરીમાં હવે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે એઆઈ વીડિયો એનાલિસિસ કરવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ડ્રાઈવિંગ લાઈસન્સની સમસ્યાને લઈને વારંવાર ટેક્નોલોજીની ખામીના કારણે ટેસ્ટ આપનાર નાપાસ થતા હોય તેવું બન્યું હતું.

જેમાં ગ્રાઉન્ડ સેન્સર બેઝડ ટેકનોલોજીનો ઉપયોગ જોઈએ તેટલો સફળકારક નહીં રહેતા હવે વીડિયો અને એનાલિટિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. હાલ આ ટેકનોલોજીનો ઉપયોગ દિલ્હી, પુણે અને ચંદીગઢ જેવા શહેરોમાં થઈ રહ્યો છે. જેનો હવે ગુજરાતની તમામ આરટીઓ કચેરીમાં અમલ કરાશે. જેના માટે ડ્રાઈવિંગ ટ્રેક પર ૧૮ કેમેરા રહેશે અને તેના પર રિવર્સ મુવમેન્ટ પણ જોઈ શકાશે.

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેવાના કિસ્સાઓ અવારનવાર સાંભળવા મળે છે. આરટીઓમાં વાહન ટેસ્ટ આપવા આવતાં લોકોને સર્વરમાં ખામીને કારણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. હાલમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટે 'ગ્રાઉન્ડ સેન્સર્સ બેઝ્ડ ટેકનોલોજી' ઉપયોગમાં લેવાય છે. પરંતુ હવે 'વીડિયો એનાલિટિક ટેકનોલોજી' ઉપયોગમાં લેવાશે. હાલમાં લોકોને ટેકનોલોજીમાં ખામીને કારણે નાપાસ કરાય છે. ગ્રાઉન્ડ સેન્સર્સ બગડી જાય તો પણ ટ્રેકની કામગીરી બંધ રહેતી હોય છે.

ટેસ્ટમાં એન્ટ્રી બાદ અધવચ્ચેથી જ સર્વર બંધ થઈ જતાં નાપાસ ગણી ફરી ટેસ્ટ આપવા બોલાવાય છે.હાલમાં જે ટેકનોલોજી છે તેમાં ફોરવર્ડ ડાયરેક્શનમાં જ જોઈ શકાય છે. રિવર્સ ડાયરેક્શન ડિટેક્ટ થતું નથી, પરંતુ હવે નવી ટેકનોલોજીમાં વ્હિકલની દરેક મૂવમેન્ટ્સ ડિટેક્ટ થશે.

હાલ દેશના દિલ્હી, પૂણે, ચંદીગઢ વગેરે જેવા શહેરોમાં આ ટેકનોલોજી કાર્યરત છે. આ નવી એઆઈ ટેકનોલોજી માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા પરંતુ રાજ્યમાં ચૂંટણીની આચાર સંહિતાના કારણે આ કામગીરી થઈ શકી નથી. ચૂંટણીની આચાર સહિતા પૂરી થતાને સાથે રાજ્યની તમામ આરટીઓ કચેરી માટે વર્ક ઓર્ડર આપી દેવાશે અને ટૂંક સમયમાં જ આ નવી ટેકનોલોજી સાથે ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી શરૂ કરાશે.

# ચાની લારીવાળાને આઈટી વિભાગે ઠબકારી ૪૯ કરોડની નોટિસ

નવી દિલ્હી, તા.૨૧

પાટણ શહેરમાં ચાની લારી ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવતા ચા વાળા યુવાનને ૪૯ કરોડની ઈન્કમટેક્સની નોટિસ મળવાની ચોકાવનારી ઘટના સામે આવી છે. પાટણ શહેરના નવા ગંજ બજારમાં ચા ની લારી ચલાવતા યુવાનને ગંજ બજારમાં પેઢી ધરાવતા બે પટેલ બંધુઓ પર વિશ્વાસ કરવો ભારે પડ્યો છે. પાટણ શહેરના નવાગંજ બજારમાં ચાની લારી ચલાવતા બનાસકાંઠાનાં ખેમરાજ દવેને ૪૯ કરોડની નોટિસ મળતા ખેમરાજ દવેના પગ તળેથી જમીન સરકી જવા પામી હતી. આજથી ૧૦ વર્ષ અગાઉ ખેમરાજ દવેએ પાન કાર્ડ કઢાવવા ગંજ બજારમા પેઢી ચલાવતા અલ્પેશ પટેલ અને વિપુલ પટેલને પોતાની સહી વાળા આધારકાર્ડ ચુંટણીકાર્ડ ફોટા સહિતના વિવિધ ડોકયુમેન્ટ આપ્યા હતા જોકે ગંજબજાર મા પેઢી ચલાવતા બન્ને ભાઈઓએ ડોકયુમેન્ટ નો દૂર ઉપયોગ કરી અલગ અલગ બેન્કમા ખાતા ખોલાવી કરોડોના રૂપિયાના ગેરકાયદેસર વ્યવહાર કર્યા હતા.

# બજાર એવું દોડશે કે ટ્રેડિંગ કરનારા થાકી જશે : વડાપ્રધાન

## ૪ જૂન પછી શેરબજારમાં તેજીનું વાવાઝોડુ

નવી દિલ્હી તા. ૨૧

લોકસભા ચૂંટણી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમાંથી વિવિધ મીડિયા સાથે વાત કરી રહ્યા છે. તાજેતરમાં તેણે એનડીટીવી સાથે વાત કરી હતી. તેમણે આ ચેનલના એડિટર-ઈન-ચીફ સંજય પુગલિયા સાથે વાતચીત દરમિયાન ભારતના ભવિષ્યની ઝલક આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે ૪ જૂનના પરિણામો પછી સેન્સેક્સ એટલો સ્વિંગ કરશે કે શેરબજારના પ્રોગ્રામર્સ ટ્રેડર્સ પણ થાકી જશે.

આ વાતચીત દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે તેમના ૧૦ વર્ષના કાર્યકાળમાં સેન્સેક્સે ૨૫ થી ૭૫ હજાર સુધીની શાનદાર સફર કરી છે. તેમણે વર્તમાન સરકારના વિઝન અને ૪ જૂનના પરિણામ પછીના ભારતના ભાવિ ચિત્ર વિશે ખુલીને વાત કરી હતી. નોંધનીય છે કે આ લોકસભા ચૂંટણીમાં પીએમ મોદીએ ભાજપ માટે ૩૭૦ને પાર કરવાનો અને એનડીએ માટે ૪૦૦ને પાર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે તેમની સરકારે મહત્તમ આર્થિક સુધારા કર્યા છે. ઉદ્યોગસાહસિકતા તરફી નીતિઓ ભારતીય અર્થતંત્રને ખૂબ પ્રોત્સાહન આપે છે. શેરબજાર વિશે વાત કરતાં તેમણે કહ્યું કે ૨૦૧૪માં સેન્સેક્સ ૨૫ હજાર પર હતો જે આજે ૭૫ હજાર પર પહોંચી ગયો છે.

આ ક્ષેત્રમાં જેટલા સામાન્ય નાગરિકો આવે છે, તેટલી જ વધુ અર્થતંત્રને વેગ મળશે. હું ઈચ્છું છું કે દરેક નાગરિકમાં જોખમ લેવાની ક્ષમતામાં થોડો વધારો થવો જોઈએ. આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. શું કરવું તે વિશે વિચારવું મદદ કરતું નથી.

શેરબજાર પર વિગતવાર વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે લોકસભા ચૂંટણીના પરિણામો ૪ જૂને આવશે. તમે જોશો કે એક અઠવાડિયામાં ભારતના શેરબજારનું પ્રોગ્રામિંગ કરનારા બધા થાકી જશે. હવે જુઓ જાહેર ક્ષેત્રની અંડરટેકિંગ કંપનીઓના શેર ક્યાં પહોંચ્યા છે.

આ સ્ટોક ઘટવાનો હતો. હવે શેરબજારમાં તેમના ભાવ વધી રહ્યા છે. એચએએલને જુઓ, જેના સંદર્ભમાં તેઓએ (વિપક્ષે) સરઘસ કાઢ્યું હતું. કાર્યકરોને ઉશ્કેરવાનો પ્રયાસ કરાયો હતો. HALએ ચોથા ક્વાર્ટરમાં રેકોર્ડ નફો મેળવ્યો છે. ઉઁછન્ને ૪ હજાર કરોડ રૂપિયાનો નફો થયો છે. ઉઁછન્એ તેના ઈતિહાસમાં ક્યારેય આટલો નફો કર્યો નથી. ભારતની ડિજિટલ ક્રાંતિનો અવાજ સમગ્ર વિશ્વમાં ગુંજી રહ્યો છે અને વિશ્વભરના લોકો તેની ચર્ચા કરી રહ્યા છે.

# આ વર્ષે પૃથ્વીની ચારેબાજુ ભયાનક તબાહી સર્જાશે?: બાબા વેંગાની ૨૦૨૪ની ડરામણી આગાહીઓ



## રશિયાના પ્રમુખ પુતિનની હત્યાનો પ્રયાસ થશે, સાઈબર હુમલાઓ વધી જશે, કોઈ દેશ મોટો જૈવિક હુમલો કે પરીક્ષણ કરશે, કેન્સર-અલ્ઝાઈઝમરનો ઈલાજ થશે: બાબાની ધ્રુજારીભરી આગાહીઓ

નવી દિલ્હી, તા.૨૧

બલ્ગેરિયાના ભવિષ્યવેતા બાબા બેંગાની અનેક ભવિષ્યવાણીઓ સાચી સાબિત થઈ છે. તેમણે ભૂતકાળમાં કરેલી કેટલીક ભવિષ્યવાણીઓ સાચી પડી છે. જેમ કે તેમણે સોવિયત સંઘના વિઘટનની, અમેરિકા પર આતંકી સંગઠન અલકાયદાના ૯-૧૧ના આતંકી હુમલાની કરેલી આગાહી સાચી પડી છે.

બલ્ગેરિયાના દ્રષ્ટિહીન બાબાની આંખોની રોશની માત્ર ૧૨ વર્ષની વયે જ ચાલી ગઈ હતી. બાબાએ તો ઈ.સ. ૫૦૭૯ સુધીની ભવિષ્યવાણી કરી દીધી છે. હવે બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪ને લઈને પણ કેટલીક ડરામણી આગાહી કરી છે. જે મુજબ કોઈ દેશવાસીના હાથે જ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિનની હત્યાની કોશિશ થશે.

પ્રાકૃતિક આપત્તિને લઈને પણ બાબા વેંગાએ ભવિષ્યવાણી કરી છે કે ૨૦૨૪માં ભીષણ હવામાનની ઘટનાઓ બનશે. ધરતી પર એક મોટો ફેરફાર થશે જે મોટે ભાગે ખુબ જ લાંબા અંતરાલ બાદ થતો હોય છે. પણ જો આ જલદી થયું તો ભયાનક કુદરતી આફત આવી શકે છે. ધરતીની ચારે બાજુ ભયાનક તબાહી મચી શકે છે.

વેંગાએ સાઈબર હુમલામાં વધારાની પણ આગાહી કરી છે. ૨૦૨૪માં પાવર ગ્રીડ અને જલ ઉપચાર યંત્રોને હેકર નિશાન બનાવી શકે છે. આથી રાષ્ટ્રીય સુરક્ષા પર ખતરો પેદા થઈ શકે છે. બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક અર્થ વ્યવસ્થાને હલબલાવી નાખે તેવા આર્થિક સંકટની પણ આગાહી કરી છે.

# કોરોનાની કોવેક્સિન રસીથી જોખમનો દાવો નકારતું ICMR : તપાસ માટે સમિતિનું ગઠન




## સંશોધન કરનાર બનારસ હિંદુ યુનિવર્સિટીએ પૂર્વ મંજૂરી નહીં મેળવ્યાનો નિર્દેશ

વારાણસી, તા ૨૧

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ BHU માં કોરોના વાયરસ સામે રક્ષણ માટે તૈયાર કરાયેલ કોવેક્સિન પર કરવામાં આવેલા અભ્યાસ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

કાઉન્સિલે ચાર મુદ્દાઓ પર વાંધો ઉઠાવ્યો છે અને અભ્યાસ હાથ ધરનાર ઈઈઝના બે વૈજ્ઞાનિકો પાસેથી જવાબ પણ માંગ્યો છે.જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે કાઉન્સિલ કોઈ પણ અભ્યાસ અથવા તેના રિપોર્ટ સાથે સંકળાયેલ નથી. અભ્યાસ કરનારાઓને પૂછવામાં આવ્યું છે કે શા માટે તેમની સામે કાયદાકીય અને વહીવટી પગલાં લેવામાં ન આવે. BHU ના ફાર્માકોલોજી અને ગેરિયાટ્રિક્સ વિભાગ દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં, એવું નોંધવામાં આવ્યું હતું કે કોવેક્સિન લેતા કિશોરો અને પુખ્ત વયના લોકોમાં ઘણી આડઅસરો હતી. અભ્યાસના આધારે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૩૦ ટકાથી વધુ લોકોને તેનાથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. આ અહેવાલ જાહેર થયા બાદ ભારે ગભરાટ ફેલાયો હતો અને લોકો શંકા થવા લાગી હતી. આ અભ્યાસ જેરીયાટ્રીક્સ વિભાગના વડા પ્રો. શુભ શંખ ચક્રવર્તી અને ફાર્માકોલોજી વિભાગના ડો. ઉપિન્દર કૌરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

કહેવામાં આવ્યું હતું કે કોવેક્સિનની અસરને કારણે લોકોને સ્ટ્રોક, લોહી ગંઠાઈ જવા, વાળ ખરવા, ત્વચાની સમસ્યાઓ વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કો-વેક્સિન અંગેના અહેવાલના મામલે બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. સુધીર જૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડાયરેક્ટર પ્રો. એસએન સાંખવાર પાસેથી રિપોર્ટ માંગવામાં આવ્યો છે. ડિરેક્ટરે તેમને રિપોર્ટ સોંપ્યો છે. દિગ્દર્શકે પણ કબૂલ્યું છે કે સંશોધન ઉતાવળમાં કરવામાં આવ્યું છે.

# ઉત્પાદનની ગુણવત્તા જાણવાનો ગ્રાહકને મૂળભૂત અધિકાર

## સર્વોચ્ચ અદાલતે આરોગ્યના અધિકારનો વ્યાપ વિસ્તાર્યો છે : કોર્ટે કહ્યું કે પ્રોડક્ટનું ઉત્પાદન કરતી કંપનીથી લઈને તેને પ્રમોટ કરનારા દરેકની જવાબદારી છે કે તે પ્રોડક્ટની ગુણવત્તા વિશે માહિતી આપે



નવી દિલ્હી તા ૨૧

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે આરોગ્યના અધિકાર હેઠળ ગ્રાહકને પણ ઉત્પાદનની ગુણવત્તા વિશે જાણવાનો અધિકાર છે. આ રીતે કોર્ટે આરોગ્ય અધિકારનો વ્યાપ વિસ્તાર્યો છે. કોર્ટે કહ્યું કે, ઉત્પાદનની ગુણવત્તા વિશે માહિતી આપવાની જવાબદારી માત્ર ઉત્પાદક અને સેવા પ્રદાતાની નથી, પરંતુ તે ઉત્પાદનનો પ્રચાર કરતા મીડિયા, સેલિબ્રિટી અને પ્રભાવકોની પણ જવાબદારી છે. જાહેરાતકર્તાઓ અને જાહેરાત એજન્સીઓ અને તે ઉત્પાદનનો પ્રચાર કરનારાઓએ જવાબદારીપૂર્વક કામ કરવું જોઈએ. તેઓએ માર્ગદર્શિકા મુજબ જવાબદારી પણ લેવી પડશે, જેથી ગ્રાહકનો વિશ્વાસ તૂટે નહીં. તેમનું શોષણ ન થવું જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ગેરમાર્ગે દોરનારી જાહેરાતના કિસ્સામાં ગ્રાહકો તેમની ફરિયાદ નોંધાવી શકે તેવી કોઈ નક્કર વ્યવસ્થા નથી. આરોગ્યના અધિકારના દાયરામાં ગ્રાહક અધિકારોનું રક્ષણ કરવા માટે, કોર્ટે નિર્દેશ આપ્યો કે જાહેરાતકર્તાઓ અને જાહેરાત એજન્સીઓ જાહેરાતો બહાર પાડતા પહેલા કેબલ ટેલિવિઝન નેટવર્કના નિયમોનું પાલન કરે. જસ્ટિસ હિમા કોહલીની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે પતંજલિ કેસમાં આપેલા આદેશમાં ઉપભોક્તા અધિકારોને લગતી જોગવાઈઓ આપી છે.

# જામનગરના અનેક વિસ્તારોમાં પાણી કાપ મુકવામાં આવ્યો

જામનગર,તા.૨૧

ઉનાળીની આકરી ગરમીના પગલે ડોકટર વારંવાર પાણી પીવાની અપીલ કરી રહ્યા છે. ત્યા જામનગરના અનેક વિસ્તારોમાં આવતીકાલે પાણી કાપ મુકવામાં આવ્યો છે. જેના પગલે અનેક લોકોને પાણી માટે વલખા મારવાનો વારો આવી શકે છે.

કાળઝાળ ગરમી વચ્ચે જામનગરમાં આવતીકાલે પાણીકાપ ઝીંકાયો છે. નર્મદાની પાઈપલાઈનમાં સમારકામના કારણે નવાગામ ઘેડ, બેડી, સોલેરીયમ ઝોન હેઠળ આવતા વિસ્તારોમાં પાણીનું વિતરણ નહીં થઈ શકે. માટેલ ચોક,રાજરાજેશ્વરી, ગાયત્રીનગર, જલારામનગર સહિત અંદાજે બે ડઝન સોસાયટીઓમાં આવતીકાલે પાણીકાપ રહેશે.પાણીકાપની અસર અંદાજે ૪૦ હજાર લોકોને થશે. જો કે એક દિવસના પાણીકાપ બાદ બીજા દિવસે નિયમિત રીતે પાણીનું વિતરણ થશે.

શહેરી વિકાસ વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વચ્ચે બેઠક

# પ્રિ-મોન્સૂન કામગીરી : રાજ્યમાંથી જોખમી હોર્ડિંગ્સ તાત્કાલીક ઉતારી લેવા આદેશ અપાયો

ગાંધીનગર, તા.૨૧

રાજયભરમાં થયેલ કમોસમી વરસાદને કારણે એક તરફ ખેડૂતોની ચિંતા વધી છે જ્યારે ભારે પવન સાથે વરસાદ થતા અનેક બેનર અને હોર્ડિંગ્સ તૂટી ગયા હતા તો અનેક જગ્યાએ ખેડૂતો અને લારી-ગલ્લાવાળાઓને ભારે નુકસાન થયું હતું ત્યારે મુંબઈમાં એક મોટી હોનારત સર્જાઈ હતી. જેમાં ઘાટકોપર વિસ્તારના એક પેટ્રોલ પંપ ઉપર હોર્ડિંગ્સ પડતા ૧૪ લોકોનાં મોત થયા હતા. ત્યારે ૨૩થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આગામી દિવસોમાં આવી દુર્ઘટના ન બને તને ધ્યાનમાં રાખીને રાજ્યના શહેરી વિકાસ વિભાગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં રાજયની મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા આવા ભારેખમ હોર્ડિંગ ઉતારી લેવા જોઈએ, આ ઉપરાંત મંજૂરી વગર લગાવવામાં આવેલા હોર્ડિંગ્સ ઉપર પણ તૂટી પડવા આદેશ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજયની મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૫મી મે સુધીમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન આખરી કરી દેવા આદેશ કર્યા હતા. પરંતુ લોકસભાની ચૂંટણીના કારણે તેમાં બે સપ્તાહ જેટલો સમય આપવામાં આવ્યો છે. આગામી ચોમાસા પૂર્વે મહાનગરોમાં હાથ ધરાયેલા આગોતરા આયોજનની સર્વગ્રાહી તૈયારીઓ કરવા આદેશ થયા છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાઓએ સિટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-૨૦૪ અન્વયે પ્રિ-મોન્સુન એકશન પ્લાન તૈયાર કરવા આદેશ આપવામાં આવ્યા છે. રાજયમા બદલાયેલી વરસાદી પેટર્નને ધ્યાને રાખીને આ એક્શન પ્લાનમાં જરૂરી વ્યવસ્થાઓ મહાનગરોમાં ઊભી થવી જરૂરી છે. જેમાં માર્ગોની જાળવણી, પાણીની અને ડ્રેનેજ લાઈનમાં કોઈ વિક્ષેપ ન આવે તેની કામગીરી ઉપર તાત્કાલિક ધ્યાન કેન્દ્રીત કરવા સૂચનાઓ આપી હતી. તેમજ ખાસ કરીને માર્ગો/રસ્તાઓની કામગીરી સંદર્ભમાં કોઈ ઢીલાશ ચલાવાશે નહીં તેવી તાકીદ કરવામાં આવી છે. સંબંધિતો સામે પગલાં લેવામાં પણ ખચકાટ રાખવામાં નહીં આવે. મહાનગરોમાં લોકોની ચોમાસા દરમ્યાન નાની ફરિયાદો કે રજૂઆતોનો ત્વરિત પ્રતિસાદ મળે અને દરેક જવાબદાર અધિકારીનો ફોનથી પણ સંપર્ક થઈ શકે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રિ-મોન્સુન એકશન પ્લાન સંદર્ભમાં મહાનગરોમાં મેન હોલ તથા વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા, જર્જરીત અને ભયજનક ઈમારતો-મિલ્કતને દૂર કરવાની કામગીરી, 24×7 સેન્ટ્રલ કંટ્રોલ રૂમ અને સી.સી.ટીવી નેટવર્ક સુદ્રઢીકરણ તથા ભારે વરસાદની સ્થિતી સર્જાય તો તેને પહોંચી વળવા જરૂરી અદ્યતન સાધન-સામગ્રીનું વ્યવસ્થાપન, આરોગ્ય સુવિધા, લોકોને ચેતવણી આપવા માટેની કોમ્યુનિકેશન સિસ્ટમ સહિતના માઈક્રો પ્લાનીંગથી આગળ વધવા જણાવાયું છે. જેના ભાગરૂપે મહાનગરોમાં મોબાઈલ ટાવર અને હોર્ડિંગ્સ પડી જવાની ઘટનાઓ ન બને તે માટે સાવચેતી રાખવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.




અન્યને આધાર કાર્ડ સહિતના કોઈપણ દસ્તાવેજ આપતા પહેલાં સો વાર વિચારજો

# આઈ.ટી. દ્વારા પાટણના શ્રમજીવીને ૪૯ કરોડથી વધુની પેનલ્ટી સહિત ટેક્સ ભરવાની નોટિસથી ખળભળાટ

પાટણ, તા.૨૧

પાટણ શહેરમાં રહેતા એક શ્રમજીવી પાસેથી પાટણના અને ઊંઝાના બે વ્યક્તિઓએ આધારકાર્ડ, રેશનકાર્ડ, ફોટા સહિતના દસ્તાવેજો મેળવી પાનકાર્ડ બનાવી તેના આધારે શ્રમજીવીની જાણ બહાર જુદા જુદા બેંક એકાઉન્ટો ખોલવ્યા હતા અને તેમાં અપ્રમાણસર કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો કરતા ઈન્કમટેક્ષ વિભાગ તરફથી શ્રમજીવીને રૂા.૪૯,૦૬,૫૯,૨૮૦/-ની પેનલ્ટી સહિત ટેક્ષ ભરવા નોટિસ ફટકારાતા તે ચોંકી ઊઠ્યો હતો અને પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની જાણ થતા અલ્પેશકુમાર મણિલાલ (રહે. માધવવિલા સોસયાટી, પાટણ) અને પટેલ વિપુલકુમાર મણિલાલ (રહે.ઊંઝા) વિરૂદ્ધ પાટણ શહેર બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. કોઈના ઉપર આંધળો વિશ્વાસ મૂક્તા પહેલા ચેતવા જેવા આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લાના રણાવાડા ગામનો મૂળ વતની અને હાલ પાટણ ખાતે ટીબી ત્રણ રસ્તા પાસે ગોકુળનગરમાં રહી છૂટક મજૂરીના વ્યવસાય સાથે સંકળાયેલો ખેમરાજ વજેરામભાઈ પાટણના પટેલ અલ્પેશકુમાર મણિલાલ અને પટેલ વિપુલકુમાર મણિલાલ સાથે સંપર્કમાં આવ્યો હતો. આ બંને વ્યક્તિઓએ તેનું પાનકાર્ડ કઢાવી આપવાનું કહી આધારકાર્ડ, રેશનકાર્ડ, ફોટા સહિતના દસ્તાવેજો મેળવ્યા હતા અને પાનકાર્ડ કઢાવી ખેમરાજના નામે બેંક એકાઉન્ટો ખોલાવ્યા હતા. આ બેંક એકાઉન્ટમાં અલ્પેશ અને વિપુલે વર્ષ ૨૦૧૪-૧૫ તથા વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં અપ્રમાણસર રીતે કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો કર્યા હતા. દરમ્યાન ગત તા.૧૧/૮/૨૩ના રોજ ખેમરાજને ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા રૂા.૪૯,૦૬,૫૯,૨૮૦ની રકમની પેનલ્ટી સહિત ટેક્ષ ભરવાની નોટિસ આવતા તે ચોંકી ઊઠ્યો હતો. વિશ્વાસઘાતનો ભોગ બનેલ ખેમરાજે આ બાબતે અલ્પેક્ષ અને વિપુલનો સંપર્ક કરતા આ વાત કોઈને કરીશ તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. પોતાની સાથે છેતરપિંડી આચરાઈ હોવાની જાણ થતા ખેમરાજે પટેલ અલ્પેશ અને પટેલ વિપુલ વિરૂદ્ધ ઉક્ત હકીકત સાથે પાટણ શહેર બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૧૨૦બી, ૫૦૬(૧) અને ૧૧૪ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ પી.આઈ. સોલંકીએ હાથ ધરી છે.

# કેડિલાના ૧૦૦ કર્મીઓ કોર્ટમાં જતા CMD રાજીવ મોદીની મુશ્કેલી

અમદાવાદ, તા.૨૧

કેડિલાના સીએમડી રાજીવ ગાંધીની બલ્ગેરિયન યુવતી દ્વારા કરાયેલા સેક્સ્યુઅલ હેરેસમેન્ટના કેસમ મુશ્કેલીઓ વધી રહી છે. તો બીજી તરફ રાજીવ મોદી સામે બીજી મોટી મુશ્કેલી પેદા થઈ છે. કેડિલાના ૧૦૦થી વધુ કર્મચારીઓને નોટિસ આપ્યા વગર છૂટા કરાતા વિવાદ લેબર કોર્ટમાં પહોંચ્યો છે. લેબર કોર્ટમાં રાજીવ મોદી સામે વધુ એક અરજી થઈ છે. કેડીલાના કર્મચારીઓને નોટિસ વિના છુટા કરવા મુદ્દે આ અરજી કરાઈ છે. કંપનીના ૧૦૦થી વધુ કર્મચારીઓને નોટિસ વિના છુટા કરી દેવામાં આવ્યા છે. જેથી આ સમગ્ર વિવાદ લેબર કોર્ટમાં પહોંચ્યો છે. લેબર કોર્ટમાં થયેલી અરજી ઉપર આગામી દિવસમાં સુનાવણી થશે. કેડીલાના માલિક રાજીવ મોદી સામે દુષ્કર્મના આક્ષેપ ઉપર સેશન્સ કોર્ટ ચુકાદા ઉપર મુદત પડી છે. પોલીસે કોર્ટમાં કરેલા એ-સમરી રિપોર્ટ મુદ્દે આગામી દિવસમાં કોર્ટ ચુકાદો આપશે. એ-સમરી રિપોર્ટ પોલીસે ખોટી રીતે ભર્યો હોવાની પીડીતાની રજૂઆત છે. પોલીસે કરેલા એ-સમરી રિપોર્ટ રદ કરવા પીડિતાએ કોર્ટમાં અરજી કરી છે. દુષ્કર્મના આક્ષેપ મુદ્દે ૨૪મેએ કોર્ટ દ્વારા ચુકાદો અપાશે. કેડિલા ફાર્માના માલિક રાજીવ મોદી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ ચુકી છે. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ વિદેશી યુવતીની ફરિયાદ સોલા પોલીસે નોંધી છે. પોલીસે કેડિલા ફાર્માના માલિક રાજીવ મોદી વિરૂધ્ધ IPCની કલમ ૩૭૬, ૩૫૪, ૫૦૬(૨) મુજબ ફરિયાદ નોંધાઈ છે. નોંધનીય છે કે રાજીવ મોદી સામે ફરિયાદ નોંધવા બલ્ગેરિયન યુવતીએ દુષ્કર્મના આરોપ લગાવ્યા હતા. ત્યારબાદ તેણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં બનેલી ઘટનાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# ઉત્પાદન સંબંધી સમસ્યાઓને પગલે ડો.રેડ્ડીઝ, સન ફાર્મા, અરબિંદોએ અમેરિકામાં ઉત્પાદનોને પરત ખેંચ્યા

**ડો.રેડ્ડીઝ લેબોરેટરીઝ પુખ્ત વયના અને બાળકોમાં લોહીમાં ફેનીલાલેનાઈનના સ્તરને નિયંત્રિત કરવા માટે વપરાતી દવાના લગભગ ૨૦,૦૦૦થી વધુ કાર્ટુન પાછા ખેંચશે**

નવી દિલ્હી, તા.૨૧

યુએસએફડીએના તાજેતરના એન્ફોર્સમેન્ટ રિપોર્ટ મુજબ ડ્રગ ઉત્પાદકો ડો.રેડ્ડીઝ લેબોરેટરીઝ, સન ફાર્મા અને અરબિંદો ફાર્મા ઉત્પાદન સમસ્યાઓના કારણે યુએસ માર્કેટમાંથી ઉત્પાદનોને પરત ખેંચી રહી છે. ડો.રેડ્ડીઝ લેબોરેટરીઝ પુખ્ત વયના અને બાળકોમાં લોહીમાં ફેનીલાલેનાઈનના સ્તરને નિયંત્રિત કરવા માટે વપરાતી દવાના લગભગ ૨૦,૦૦૦ કાર્ટન પરત ખેંચી રહી છે. USFDAએ જણાવ્યું કે, પ્રિન્સટન (ન્યૂ જર્સી) સ્થિત ડો.રેડ્ડીઝ લેબોરેટરીઝ, ઈન્ક, જેવીગટર (સેપ્રોપ્ટેરિન ડાયહાઈડ્રોક્લોરાઈડ) પાઉડર ફોર ઓરલ સોલ્યુશન (100mg)ને પરત ખેંચી રહી છે કારણ કે, તે 'સબ-પોટેન્ટ ડ્રગ' છે. કંપની આ જ કારણસર અન્ય સેપ્રોપ્ટેરિન ડાય હાઈડ્રોક્લોરાઈડપણ પાછી ખેંચી રહી છે. યુએસએફડીએએ જણાવ્યું હતું કે, દવા નિર્માતાએ આ વર્ષે ૮ એપ્રિલે યુએસમર્ વર્ગ I રિકોલની શરૂઆત કરી હતી. યુએસ હેલ્થ રેગ્યુલેટર મુજબ વર્ગ I રિકોલ ખામીયુકત ઉત્પાદનોથી સંબંધિત છે જે ગંભીર આરોગ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. યુએસએફડીએએ જણાવ્યું હતું કે, સન ફાર્મા યુએસ માર્કેટમાંથી ફંગલ ઈન્ફેક્શનની સારવાર માટે ઉપયોગમાં લેવાતા એમ્ફોટેરિસિન બી લિપોસોમ ઈન્જેક્શનની ૧૧,૦૧૬ શીશીઓ પરત ખેંચી રહી છે. USFDAએ જણાવ્યું હતું કે, કંપનીના યુએસ સ્થિત યુનિટે આ વર્ષે ૧૯ એપ્રિલના રોજ 'ચકાસણી માટે સ્પષ્ટિકરણની બહાર'ને કારણે વર્ગ II રિકોલની શરૂઆત કરી હતી. USFDAએ જણાવ્યું હતું કે, તેવી જ રીતે 'ઓરોબિંદો ફાર્મા અમેરિકન માર્કેટમાંથી ક્લોરાઝેપેટ ડીપોટેશિયમ ટેબ્લેટ્સ (૩.૭૫ મિલિગ્રામ અને ૭.૫ મિલિગ્રામ)ની ૧૩,૬૦૫ બોટલો પરત મંગાવી રહી છે, જેનો ઉપયોગ ચિંતાની સારવાર માટે કરવામાં આવે છે. કંપનીની યુએસ સ્થિત યુનિટ 'ડિસ્કલોરેશનઃ ટેબ્લેટ ઉપર ઉપસી આવેલ ટપકા અને પીળા ડાઘા'ને કારણે અસરગ્રસ્ત લોટને પરત ખેંચી રહી છે. કંપનીએ આ વર્ષે ૨૪ એપ્રિલે વર્ગ II રિકોલની શરૂઆત કરી હતી. યુએસએફડીએએ જણાવ્યું કે, અન્ય દવા કંપની FDC લિમિટેડ અમેરિકન બજારમાં ગ્લુકોમાની સારવાર માટે ઉપયોગમાં લેવાતા ટિમોલોલ મેલેટ ઓપ્થાલ્મિક સોલ્યુશનના ૩,૮૨,૧૦૪ યુનિટ પાછા ખેંચી રહી છે.

# બોલિવૂડમાં કામ કરનાર IPS અધિકારીએ કોચિંગ વગર પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરી

નવી દિલ્હી, તા.૨૧

બોલિવૂડમાં કોપ ફિલ્મો ડઝનેક જેટલી છે. મોટા બજેટની એક્શન ફિલ્મોથી લઈને OTT ઉપર આકર્ષક થ્રિલર્સ સુધી શૈલીમાં ઘણાં બધા વિકલ્પો છે. આ પરિસ્થિતિમાં એક ડિફરેન્સ સાથેની એક કોપ ફિલ્મ ટૂંક સમયમાં આવી રહી છે અને તેમાં વાસ્તવિક જીવનના સુપરકોપની ભૂમિકા છે.આગામી ફિલ્મ ધ નર્મદા સ્ટોરીમાં IPS અધિકારી સિમલા પ્રસાદ વર્ષો પછી ફિલ્મોમાં પાછા ફર્યા છે. સિમલા પ્રસાદ જેઓ હાલમાં જબલપુરના SP છે. તેમણે તાજેતરમાં ધ નર્મદા સ્ટોરીનું શૂટિંગ પૂર્ણ કર્યું છે. જેમાં રઘુબીર યાદવ, મુકેશ તિવારી, અંજલિ પાટિલ અને ઈશ્તિયાક ખાન જેવા દિગ્ગજ બોલિવૂડ કલાકારો પણ છે. આ ફિલ્મનું નિર્દેશન ઝૈગમ ઈમામે કર્યું છે. યોગાનુયોગ, સિમલા પ્રસાદે અગાઉ ઈમામ સાથે તેમની ફિલ્મો અલીફ અને નક્કાશમાં કામ કર્યું હતું. નિર્માતાઓના જણાવ્યા મુજબ ધ નર્મદા સ્ટોરી પોલીસ દળના વાસ્તવિક અનુભવો ઉપર આધારિત એક આકર્ષક સસ્પેન્સ થ્રિલર છે. દિગ્દર્શક ઝૈગમ ઈમામ કહે છે. આ ફિલ્મમાં પોલીસ વિભાગને ખૂબ જ વાસ્તવિક રીતે કામ કરતા દર્શાવવામાં આવ્યું છે. ખાસ કરીને આ ફિલ્મ પોલીસમાં મહિલાઓની સ્થિતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. શૌર્ય કરતાં વધુ વાસ્તવિકતા અને રોજબરોજની સમસ્યાઓ છે. જેનો સામાન્ય લોકોની જેમ પોલીસકર્મીઓ પણ સામનો કરે છે. આ ફિલ્મ સત્યની ખૂબ જ નજીક છે. તેથી અમે તેના માટે એક વાસ્તવિક પોલીસ મેનની શોધ કરી અને ઘણી મહેનત પછી આ પ્રયત્ન સફળ થયો. તેમના પરત ફરવા ઉપર ટિપ્પણી કરતાં IPS સિમલા પ્રસાદ કહે છે,પોલીસિંગ એ મારા જીવનનું સૌથી મહત્વપૂર્ણ પાસું છે. અસંખ્ય અધિકારીઓ વિવિધ રચનાત્મક અભિગમો દ્વારા વિભાગને આગળ ધપાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. ધ નર્મદા સ્ટોરી જેવી ફિલ્મોમાં મારું હોવું એ મારું યોગદાન છે. આ અર્થપૂર્ણ ફિલ્મમાં મારા ગૃહરાજ્ય MPના પ્રતિષ્ઠિત પીઢ કલાકારો સાથે સહયોગ કરીને મને આનંદ થાય છે કે, તેઓ માત્ર અસાધારણ કલાકારો જ નથી. પરંતુ આ ફિલ્મ ઘણાં લોકો માટે આંખ ખોલનાર તરીકે કામ કરશે.

# યુપી : શિક્ષક દ્વારા માર મારવામાં આવ્યા બાદ ધોરણ-૧૦ના વિદ્યાર્થીને કાનમાં આંશિક બહેરાશ આવી ગઈ : FIR નોંધાવી

(એજન્સી) તા.૨૧

પોલીસે જણાવ્યું હતું કે, યુપીના એક ખાનગી શાળાના ધોરણ ૧૦ના વિદ્યાર્થી ઉપર શિક્ષકે માર માર્યો હોવાનો કેસ દાખલ થયો છે, જેના કારણે તેને સાંભળવાની આંશિક ખોટ થઈ છે. ઉભોન પોલીસ સ્ટેશનના એસએચઓ વિપિન સિંહે જણાવ્યું હતું કે, આ ઘટના ૧૩ મેના રોજ ઉભોન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પિપ્રૌલી બહાંગાંવ સ્થિત શાળામાં ભણતા ૧૪ વર્ષીય પીડિત પ્રતીક ઉપર ગણિતના પિરીયડ દરમ્યાન બની હતી. પોલીસે જણાવ્યું કે, પ્રતિકના પિતા પ્રવીણ કુમાર મધુકરે ફરિયાદ નોંધાવી હતી કે તેના ગણિતના શિક્ષક રાઘવેન્દ્ર દ્વારા તેના પુત્રને માર મારવામાં આવ્યો હતો કારણ કે તે વર્ગમાં અન્ય વિદ્યાર્થી સાથે વાત કરતો જણાયો હતો. ફરિયાદ અનુસાર, રાઘવેન્દ્રએ પ્રતિકને તેના કાન પાસે ઘણી વખત થપ્પડ માર્યા હતા. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ઈજાના કારણે તેમના પુત્રના જમણા કાનનો પડદો ફાટી ગયો છે અને તેને સાંભળવામાં મુશ્કેલી થઈ રહી છે. પોલીસે જણાવ્યું હતું કે, પિતાની ફરિયાદના આધારે આરોપી શિક્ષક વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ (સ્વૈચ્છિક રીતે ઈજા પહોંચાડવી) અને ૩૨૫ (સ્વૈચ્છિક રીતે ગંભીર ઈજા પહોંચાડવી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો, આ બાબત ઉપર વધુ તપાસ ચાલુ છે.

# મહિલાએ સળંગ ૪ દિવસમાં વર્ક ફ્રોમ હોમ કૌભાંડમાં ૫૪ લાખ રૂપિયા ગુમાવ્યા

મુંબઈ તા.૨૧

નવી મુંબઈમાં એક સગર્ભા મહિલા સાથે ઓનલાઈન છેતરપિંડીના કેસમાં રૂા.૫૪ લાખથી વધુની છેતરપિંડી કરવામાં આવી હતી. વર્ક-ફ્રોમ-હોમ સ્કેમના જોખમો પ્રકાશિત કરવામાં આવ્યા છે જેમાં સાવચેતીભરી ટીપ્સ, તકોનું સંશોધન કરવું, અપફ્રન્ટ પેમેન્ટ ટાળવું અને સોશિયલ મીડિયા ઓફર્સથી સાવચેત રહેવું સામેલ છે. નવી મુંબઈમાં બનેલી તાજેતરની ઘટના ઓનલાઈન છેતરપિંડીનાં જોખમો ઉપર પ્રકાશ પાડે છે, ખાસ કરીને તે લોકો જેઓ ઘરેથી કામની તકો શોધે છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, ઐરોલીની એક ૩૭ વર્ષીય ગર્ભવતી મહિલાએ આવાજ એક કૌભાંડમાં ૫૪ લાખ રૂપિયાનો ભોગ બની હતી. મહિલા જે પ્રસૂતિ રજા ઉપર હતી અને ઓનલાઈન વધારાની આવક મેળવવાના માર્ગો શોધી રહી હતી, તેને ફ્રીલાન્સ કામના વચન દ્વારા લલચાવવામાં આવી હતી. છેતરપિંડી કરનારાઓએ તેણીને કંપનીઓ અને રેસ્ટોરન્ટ્સની રેટિંગ કરવાનું એક સરળ કાર્ય ઓફર કર્યું હતું. તેઓએ દાવો કર્યો હતો કે, આવા પાંચ કાર્યો પૂર્ણ કર્યા પછી તેણીને નોંધપાત્ર રકમની ચૂકવણી પ્રાપ્ત થશે. તેમના દાવાઓને માનીને મહિલાએ આપેલ સૂચનાઓનું પાલન કર્યું અને ૭થી ૧૦ મેની વચ્ચે વિવિધ ખાતાઓમાં કુલ રૂા.૫૪,૩૦,૦૦૦ની ચૂકવણી કરી હતી. જો કે, કાર્યો પૂર્ણ કર્યા પછી તે છેતરપિંડી કરનારાઓનો સંપર્ક કરવામાં અસમર્થ રહી અને તેના તમામ કોલ્સ અનુત્તર રહ્યા. આનાથી તેણીને ખ્યાલ આવ્યો કે તેણી સાથે છેતરપિંડી થઈ છે. તેણીએ નવી મુંબઈ સાયબર પોલીસને આ ઘટનાની જાણ કરી, જેમણે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એકટની સંબંધિત કલમો હેઠળ ચાર અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ કેસ નોંધ્યો. હાલ પોલીસ ગુનાની તપાસ કરી રહી છે.

આ કિસ્સો ઓનલાઈન ઘરેથી કામ કરવાની તકો શોધતા દરેક માટે સાવચેતીભર્યું રીમાઈન્ડર છે. આવી ઓફરોથી સાવચેત રહેવું જરૂરી છે.

# દુનિયામાં ભારત જેવી ધબકતી લોકશાહી ખૂબ ઓછા દેશોમાં છે: વ્હાઈટ હાઉસ દ્વારા ભારતીય સામાન્ય ચૂંટણીઓની પ્રશંસા કરાઈ



વોશિંગ્ટન, તા.૨૧

સામાન્ય ચૂંટણીઓમાં મતદાનના અધિકારનો ઉપયોગ કરવા બદલ ભારતમાં લોકોને બિરદાવતા વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, વિશ્વમાં ભારત કરતાં વધુ ગતિશીલ લોકશાહી નથી. રાષ્ટ્રીય સુરક્ષા સંચાર સલાહકાર જહોન કિર્બીએ ભારતીય ચૂંટણીઓને બિરદાવી. રાષ્ટ્રીય સુરક્ષા સંચાર સલાહકાર જહોન કિર્બીએ તેમની ભાવિ સરકારમાં અવાજ ઉઠાવવા બદલ ભારતના લોકોને બિરદાવ્યા હતા. કિર્બીએ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'ભારત કરતાં વિશ્વમાં વધુ ગતિશીલ લોકશાહી નથી અને અમે ભારતીય લોકોની પ્રશંસા કરીએ છીએ કે તમે તેમની મત આપવાની ક્ષમતા જાણો છો અને તેમની ભાવિ સરકારમાં અવાજ ઉઠાવો છો અને અમે તેમને સમગ્ર પ્રક્રિયા દરમ્યાન શુભેચ્છા પાઠવીએ છીએ.' તેઓ ભારતની સામાન્ય ચૂંટણીઓ ઉપર અમેરિકી રાષ્ટ્રપતિના વિચારો અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત-અમેરિકાના સંબંધો અંગેના અન્ય એક પ્રશ્નના જવાબમાં વ્હાઈટ હાઉસના અધિકારીએ કહ્યું, 'હું છેલ્લા ત્રણ વર્ષની વાત કરીશ. ભારત સાથેના અમારા સંબંધો અત્યંત ગાઢ છે અને વધુ ગાઢ બની રહ્યા છે.' કિર્બીએ કહ્યું કે, 'તમે તેને સત્તાવાર મુલાકાત દરમ્યાન જોયું છે. અમે એકસાથે જટિલ ઉભરતી તક્નિકો ઉપર કામ કરીને તમામ પ્રકારની નવી પહેલો શરૂ કરી છે અને ઈન્ડો-પેસિફિક ક્વાડની સુસંગતતાને પ્રોત્સાહન આપીને વિસ્તરણ કર્યું છે જેનો ભારત એક ભાગ છે અને આ ઉપરાંત લોકો-થી-લોકો સાથે આદાન પ્રદાન અને લશ્કરી સહયોગ પણ અમે ભારત સાથે શેર કરીએ છીએ.' કિર્બીએ કહ્યું, 'તે ખૂબ જ ગતિશીલ ખૂબ જ સક્રિય ભાગીદારી છે અને અમે વડાપ્રધાન મોદીના નેતૃત્વ માટે આભારી છીએ.'

રાષ્ટ્રપતિ બાઈડેનની 'ઝેનોફોબિક' ટિપ્પણી ઉપર કિર્બી :- જ્યારે પૂછવામાં આવ્યું કે શું યુએસ પ્રમુખ જો બાઈડેન ખરેખર માને છે કે, તેના બે ક્વોડ પાર્ટનર્સ ભારત અને જાપાન ઝેનોફોબિક છે, કિર્બીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ એક વ્યાપક મુદ્દો બનાવી રહ્યા છે. કિર્બીએ કહ્યું કે, 'મારો મતલબ એ છે કે, રાષ્ટ્રપતિ અહીં યુનાઈટેડ સ્ટેટ્સમાં આપણી પોતાની લોકશાહીની ગતિશીલતા અને તે કેટલું સર્વસમાવેશક અને સહભાગી છે તે વિશે વાત કરી રહ્યા હતા.

# રાજ્યમાં પડી રહેલા આકરા તાપને પગલે લૂ અને બેભાન થવાના કેસ વધ્યા

રાજકોટ તા.૨૧

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. તેમાં લોકો આકરી ગરમીથી ત્રસ્ત બન્યા છે ત્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીને કારણે લોકોમાં લુ લાગવી અને બેભાન થઈ જવાના કેસ સામે આવ્યા છે જેમાં ગરમીના માહોલમાં હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ છે. રાજયમાં મોટા ભાગના શહેરોમાં હીટવેવ શરૂ થઈ ગઈ છે, અને આ કારણે લોકો જુદીજુદી બિમારીઓનો પણ ભોગ બની રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી છે કે,આગામી દિવસોમાં હજુ પણ સખત હીટવેવનો સામનો કરવામાટે લોકોએ તૈયાર રહેવુ પડશે. આગામી દિવસોમાં રાજ્યમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી પણ વધુ ઉપર રહેવાની સંભાવનના દર્શાવવામાં આવી છે. આકરા તાપથી રાજયની હોસ્પીટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીથી વધી રહ્યો છે, જેના કારણે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જૂનાગઢ સહિતના કેટલાક શહેરમાં લોકોને લૂ લાગવાના અને બેભાન થવા કેસો વધ્યા છે. અનેક શહેરોમાં આકરી ગરમીના કારણે પેટના દુઃખાવા, હાઈફિવર,સર્વાઈલ હેડેક તેમજ ઘણા કેસોમાં બેભાન થવાના સામે આવ્યા છે.

## લોકશાહી દેશમાં સત્તાશાહીનું વધતું પ્રભુત્વ

# લોકસભાની ચુંટણીના પરિણામ દુધનું દુધ અને પાણીનું પાણી કરી નાખશે!

## બેરોજગારી, મોંઘવારી, મંદિર મુદો, સરકારી તંત્ર પ્રજાનું કોઈ કામ કરતા નથી તેવી વ્યાપક ફરીયાદ વચ્ચે જયારે પરિણામ ધારેલું આવે ત્યારે શું સમજવું?

જૂનાગઢ તા. ૨૧

લોકસભાની ચુંટણી ૨૦૨૪ અંતિમ તબકકામાં પ્રવેશી ચુકી છે અને આ ચુંટણી બાદ આગામી તા.૪ જુનના રોજ પરિણામો જાહેર થવાના છે ત્યારે જુદી જુદી ન્યુઝ ચેનલો, અખબારો અને નિષ્ણાંતો દ્વારા સર્વેનું ચક્ર ચાલી રહયું છે અને કયાં કોને કેટલી બેઠક મળશે? તે અંગેના ગણિતો મંડાઈ રહયા છે. પરંતુ એક અત્યંત વગદાર સુત્ર અને જાણકરાએ ટીવી ચેનલને એવી માહિતી આપી હતી કે, જયારે સત્તાધારી પક્ષના જ કોઈ ઉચ્ચ પદાધિકારી પરિણામ જાહેર થયા પહેલા જ એમ કહી દે કે, અમોને સંપુર્ણ બહુમતિ મળવાની છે ત્યારે તેના કથનમાં કંઈક રહસ્ય છે અને આ વર્તારાઓનું બંધ કરી અને તેની વાત માની લેવી જોઈએ તેમ જણાવ્યું હતું. ચુંટણીઓ યોજાય જાય ત્યારપછી દેશભરમાં નિષ્ણાંતો દ્વારા કે ટીવી ચેનલ કે અખબારો દ્વારા સર્વેક્ષણો મુકવામાં આવતા હોય છે અને રોજેરોજ ટીવીમાં ટોપ શો માં ડીબેટ પણ થતી હોય છે અને તેમાં રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ, જુદા જુદા પક્ષના કાર્યકર્તાઓ કે વરિષ્ઠ પત્રકારો આમાં ભાગ લેતા હોય છે. તાજેતરમાં જ એક ટીવી ચેનલમાં ગુજરાતના ભુતપુર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ સાથે મંત્રણા ચાલતી હતી અને વાતચીત દરમ્યાન લોકસભાની ચુંટણી અંગેના પરિણામો અંગેની ઘણી બધી ચર્ચાઓ થતી હતી અને આ ટીવી ચેનલના માધ્યમથી તેને પુછવામાં આવ્યું હતું કે આ વખતની લોકસભાની ચુંટણીનું પરિણામ શું લાગે છે, કેવું આવશે? ત્યારે પુર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસે ખુબજ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે, ચુંટણી અંગેના વર્તારા હવે તમારે બંધ કરી દેવા જોઈએ. તમારી જે ચેનલ છે તે પ્રસ્થાપિત ચેનલ છે, લોકોને ઘણો વિશ્વાસ છે પરંતુ આવા સર્વેક્ષણ કે વર્તારા દર્શાવવાથી કંઈ વળવાનું નથી. કારણ કે, સત્ય હંમેશા સત્ય જ રહે છે. વર્તમાન સમયમાં તમે કયાંય પણ જોયું હશે તો આ વખતે લોકસભાની ચુંટણી દરમ્યાન મોંઘવારી, બેરોજગારી, અસામાજીક પ્રવૃત્તિઓ, સરકારી તંત્ર કોઈ કામ કરતું નથી તેવી અનેક ફરીયાદો ઉઠેલી હતી. એટલું જ નહિં લોકોના મનમાં વર્તમાન સરકારો ઉપર કે સ્થાનિક તંત્ર ઉપર તિવ્ર આક્રોશ જોવા મળ્યો હતો તો બીજીતરફ રાજકીય પક્ષો જેમાં ખાસ કરીને ભાજપના કાર્યકરોમાં પણ ઉત્સાહનો અભાવ જોવા મળ્યો હતો. કારણ કે આ કાર્યકર્તાઓમાં મોટાભાગનાઓને મર્યાદિત જ કામગીરી કરવાની થતી હોય છે. કેટલાક એવા કાર્યકર્તા હોય છે કે તેઓનો ઉપયોગ ખાલી ખુરશીઓ ગોઠવવા, મંડપો બાંધવા કે પાથરણા પાથરવા પુરતો જ થતો હોય છે. બાકી જે મોટા પદ લઈને બેઠા છે તે બીજાનો વારો આવવા દેતા નથી. આ ઉપરાંત ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં પણ પરસોતમ રૂપાલાની સામે ક્ષત્રિય સમાજ મેદાને પડયો હતો અને એક તકે તો તમામ બેઠકો ઉપર ભાજપ વિરોધી મતદાન ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવ્યું હોવાનું કહેવાય રહયું છે. અને આ ફેકટર અંદાજીત ગુજરાતની પાંચ બેઠકો ઉપર ખુબજ અસર કરશે તેવી બાબત જોરશોરથી ચર્ચાઈ રહી છે. પરંતુ ગુજરાતની લોકસભાની ચુંટણીનું ભાવિ તેમજ દેશના વિવિધ ભાગોમાં યોજાઈ રહેલી ચુંટણીઓમાં પણ ભાજપના ભાવિ અંગે પુર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસે ટીવી ચેનલના એન્કરને સ્પષ્ટ શબ્દોમાં કહયું હતું કે અત્યારે 'ચાર એમ' નો પ્રભાવ છે. મસલ્સ પાવર, મની પાવર, સરકારી તંત્ર, યાંત્રિક તંત્ર વગેરે બાબતનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે જયાં કર્મચારી વર્ગ જ સરકારના છે ત્યાં બીજું શું થઈ શકે? અને કોણ કેટલી ફરજ બજાવે છે તે લોકોને પણ ખબર છે. નાયબ મામલતદારથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી આ સાંકળમાં આવી જાય છે અને તેમ છતાંય દેશના ગૃહમંત્રીએ ચુંટણીના પરિણામો જાહેર થાય એ પહેલાજ જણાવી દીધું છે કે, અમે પુરી બહુમતિ સાથે જીતીએ છીએ. એટલું જ નહિં ગુજરાતની તમામ ૨૬ બેઠકો પણ અમે જીતવાના છીએ તેવું આ નિવેદન કરેલ છે. ત્યારે જો દેશના ગૃહમંત્રી કહેતા હોય તો આ વાત માની લેવી જોઈએ. અંતમાં ગુજરાતમાં ૨૬ બેઠકોમાં પાંચ બેઠકો જોખમકારક હોવા છતાં પણ જો તેમાં પણ ભાજપને બહુમતિ મળે અને દેશમાં પણ મોટાભાગની બેઠકો ઉપર વિજય પ્રાપ્ત થાય તો તેને શું કહેવું તે હવે જનતા જનાર્દને વિચારવું પડે.

# ભરણપોષણ ન ચુકવતા પતિ દેવોને જેલની સજા ફટકારતી જૂનાગઢ ફેમીલી કોર્ટ

જૂનાગઢ તા. ૨૧

અલગ અલગ ત્રણ કેસોમા ભરણપોષણ ન ચુકવતા પતિદેવોને જેલની સજા ફેમીલી કોર્ટ જૂનાગઢ દ્વારા ફટકારવામાં આવી છે. આ કેસોની ટુંકમા હકીકત એવી છે કે પ્રથમ અરજદાર સરોજબેન પરેશભાઈ પંડયા રહે. જુનાગઢવાળાના લગ્ન રાણાવાવના પરેશભાઈ મનુભાઈ પંડયા સાથે થયેલા અને બે સંતાનો પણ થયેલા. ત્યારબાદ વગર વાંકે અરજદાર અને તેના સંતાનોનો ત્યાગ કરતા અરજદારે ભરણપોષણ માટે નામદાર કોર્ટમાં અરજી કરતા કોર્ટે અરજદારોના માસીક ભરણપોષણની રકમ રૂા.૮૦૦૦/- ચુકવવાનો તેના પતિને આદેશ કરેલ. તેમ છતા નિયમીત સામાવાળા ચડત રકમ વસુલ ન આપતા તે મેળવવા અરજદારોએ ફરીથી ફેમીલી કોર્ટમાં અરજ ગુજારી રૂા.૯૬૦૦૦/- વસુલ મેળવવા દાદ માગેલ જેમાં સામાવાળા પતિ નિષ્ફળ જતા નામદાર કોર્ટે અરજદાર તરફેની રજુ આતો ધ્યાનપર લઈ કુલ ૧૮૦દિવસની સામાવાળાને સાદી કેદની સજા ફરમાવેલ છે. અને તે મતલબનુ સજા વોરંટ જારી કરેલ છે.

બીજા એક કેસમાં અરજદાર વર્ષાબેન રાકેશભાઈ ઘેટીયા રે. જૂનાગઢના લગ્ન રાકેશભાઈ ઘેટીયા રે, ખીરસરા સાથે થયેલા અને વગર વાંકે તેણીનો તેના પતિએ ત્યાગ કરતા તેણીએ ભરણપોષણ માટે નામદાર ફેમીલી કોર્ટમાં અરજી કરતા કોર્ટે અરજદાના માસીક ભરણપોષણની રકમ રૂા.૮૦૦૦/- ચુકવવાનો તેના પતિને આદેશ કરેલ તેમ છતા નીયમીત સામાવાળા ચડત રકમ વસુલ ન આપતા તે મેળવવા અરજદારે ફરીથી ફેમીલી કોર્ટમાં અરજ ગુજારી રૂા. ૪૯૦૦૦/- વસુલ મેળવવા દાદ માગેલ જેમાં સામાવાળા પતિ નીષ્ફળ જતા નામદાર કોર્ટે અરજદાર તરફેની રજુઆતો ધ્યાન પર લઈ કુલ ૧૦૫ દિવસની સામાવાળાને સાદી કેદની સજા ફરમાવેલ છે. અને તે મતલબનુ સજા વોરંટ જારી કરેલ છે.

તેમજ ત્રીજા એક કેસમાં અરજદાર શ્રધ્ધાબેન ઉમેશભાઈ ચાવડા રે, જૂનાગઢવાળાના લગ્ન ઉમેશભાઈ અમિતભઈ ચાવડા રે.રવની તા.વથંલી સાથે થયેલા તેના પતિએ વગર વાંકે અરજદારનો ત્યાગ કરતા અરજદારે ભરણપોષણ માટે નામદાર કોર્ટમાં અરજી કરતા કોર્ટ અરજદારના માસીક ભરણપોષણની રકમ રૂા.૩૦૦૦/- ચુકવવાનો તેમના પતિને આદેશ કરેલ. તેમ છતા નિયમીત સામાવાળા ચડત રકમ વસુલ ન આપતા તે મેળવવા અરજદારે ફરીથી ફેમીલી કોર્ટમાં અરજ ગુજારી રૂ૦૪૫૦૦૦/- વસુલ મેળવવા દાદ માંગેલ જેમાં સામાવાળા તેમના પતિ નિષ્ફળ જતા નામદાર કોર્ટે અરજદાર તરફેની રજુ આતો ધ્યાન પર લઈ કુલ ૨૨૫ દિવસની સામાવાળાને સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે.

આ તમામ કેસોમાં ફેમીલી કોર્ટ જૂનાગઢના નામદાર પ્રિન્સીપાલ જજ શ્રી પી.વી.શ્રીવાસ્તવએ ઉપરોકત જણાવ્યા મુજબની પતિદેવોને સજા કરી તે મતલબના સજા વોરંટો ઈશ્યુ કરેલા છે. આ તમામ કેસોમાં અરજદારો તરફે જૂનાગઢના એડવોકેટ મનોજભાઈ શુકલ, અમિતભાઈ શુકલ,નવિનચંદ્ર શુકલ વગેરે રોકાયેલા હતા.

# સોમનાથ-વેરાવળમાં સ્માર્ટ મીટર અંગે પીજીવીસીએલની પત્રકાર પરિષદ

## સોશ્યલ મિડીયામાં ગેરમાન્યતાઓ અને ગેરસમજણ અંગેની અફવાઓ સામે કરેલી સ્પષ્ટતા



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા. ૨૧

પીજીવીસીએલ વીજ તંત્ર દ્વારા સોમનાથ-વેરાવળમાં નખાઈ રહેલા સ્માર્ટ વીજ મીટરો બાબતે સોશ્યલ મિડીયામાં વહેલી થયેલી વાતો-અફવાઓ અંગે પ્રજાને સાચી જાણકારી અને માર્ગદર્શન મળે તે માટે એક પત્રકાર પરિષદ વેરાવળ ખાતે ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર જે.જે. કાચા દ્વારા યોજવામાં આવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, વેરાવળ વિભાગીય કચેરી હેઠળ ૧.૫૦ વીજ ગ્રાહકો છે જે પૈકીના વેરાવળ, તાલાળા, સુત્રાપાડા તાલુકામાં કેન્દ્ર સરકારની આરડીએસએસ યોજના હેઠળ ટ્રાન્સફોર્મર ઉપર ૧૯૮ સ્માર્ટ મીટર તથા વેરાવળ પાટણ શહેરમાં ગ્રાહકોને ત્યાં ૪૧૪ સ્માર્ટ મીટર લગાડવામાં આવેલ છે. જે પૈકી કોઈની પણ આ મીટર અંગે ફરીયાદ આવી નથી. સોશ્યલ મિડીયામાં આવતા આક્ષેપો સદંતર હિત જાળવવા પીજીવીસીએલ ગ્રાહકોનું હિત જાળવવા કટીબધ્ધ છે. સ્માર્ટ મીટર લગાડતા ગ્રાહકોને વિજબીલના એનર્જી ચાર્જમાં બે ટકા રીબેટ આપવા દરખાસ્ત મોકલવામાં આવી છે. ગ્રાહકોને સમજાવવામાં આવે છે અને સહમત થાય તો જ વીજ મીટર બદલવામાં આવે છે. ફરજીયાત આગ્રહ રખાતો નથી. લગાડાતા નવા મીટરો ફાસ્ટ ફરતા નથી. તેની વિશ્વસનીયતા માટે ચેક મીટર પણ કયાંક કયાંક લગાડી આપેલ છે.

નવા મીટરમાં હાલ કોઈ નવો ભાવ વધારો નખાયેલ નથી અને જયાં -જયાં ટેસ્ટ ચેક મીટર લગાડાયેલ છે. તેઓના બંને મીટરોમાં કોઈ તફાવત કે વધારો નોંધાયેલ નથી. નવા મીટર લગાડવાનો ગ્રાહકો પાસેથી કોઈ મીટર ચાર્જ લેવાતો નથી. ગ્રાહકે ઓછામાં ઓછું રૂા.૧૦૦ કે તેના ગુણાંકમાં રીચાર્જ કરાવવાનું રહેશે. રીચાર્જ કરવા માટે ગ્રાહકો દ્વારા મોબાઈલ એપ અને પીજીવીસીએલની કેસ કલેકશનની બારીથી પણ રીચાર્જ કરી શકાશે. આ પત્રકાર પરિષદમાં વીજ બોર્ડના અધિકારીઓ જે.જે. કાચા, ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર, એ.એસ. ઝાલા-ડેપ્યુટી એન્જી. વેરાવળ, ડી.ડી. ડોડીયા ડેપ્યુટી એન્જી. અને એમ.યુ. પઠાણ ડેપ્યુટી એન્જી. પ્રભાસ પાટણએ હાજર રહી પુરક વિગતોનું માર્ગદર્શન આપ્યું હતું.

## ડોળાસામાં દિકરીઓનો દબદબો..

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ગોંદરા પરા શાળાની ૧૧ દિકરીઓ જ્ઞાન સાધના પરીક્ષામાં ઉતીર્ણ

ડોળાસા તા.૨૧

કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ગોંદરા પરા પ્રાથમિક શાળાનો ધોરણ ૮ ની ૧૧ દિકરીઓએ જ્ઞાન સાધના પરીક્ષા પાસ કરી ડોળાસા ગામ અને શાળાનું નામ રોશન કર્યુ છે. તાજેતર માં જાહેર થયેલા "મુખ્ય મંત્રી જ્ઞાનસાધના" પરીક્ષાના પરિણામમાં ડોળાસા ગામની ગોંદરા પરા પ્રાથમિક શાળાની ૧૧ દિકરીઓએ આ પરીક્ષા પાસ કરી છે. આ દિકરીઓને હવે ધોરણ નવ અને દસમાં ૪૪૦૦૦/રૂપિયા અને ધોરણ અગિયાર અને બારમાં ૫૦૦૦૦/ મળી ચાર વર્ષ દરમ્યાન એક પરીક્ષાર્થી દીઠ ૯૪૦૦૦/ શિષ્ય વૃત્તિ ગુજરાત સરકાર શ્રી તરફથી અપાશે.

ડોળાસા ગામની ગોંદરા પરા શાળાની જે દિકરીઓએ " જ્ઞાન સાધના " પરીક્ષા પાસ કરી છે. તેમાં ક્રમશઃ હિરલ એલ.ડોડીયા, ધ્રુવી કે.ગૌસ્વામી, ધ્યાના ડી. મોરી, જંખાના એ.ગોહિલ, નિયતી ડી.પરમાર, વિસ્મિતા વી.ગોહિલ, વિશાખા વાય.મોરી, ભૂમિકા ડી.તૈલી, સાક્ષી એસ.ગૌસ્વામી, રાધિકા એમ.ડોડીયા અને વૈભવી વાય. ગોહિલનો સમાવેશ થાય છે. શાળાના આચાર્ય નારણભાઈ બારડ અને શાળા પરિવારે આ બાળાઓને અભિનંદન પાઠવ્યા છે.

## વેરાવળ જીઆઈડીસીમાં

# લાકડાના ગેરકાયદેસર ઉપયોગ અને સંગ્રહ બાબતે ૧૧ કંપનીઓમાં દરોડા પાડી ૪૮ લાખના ૯૫૮ ટન લાકડાનો જથ્થો સીઝ કરાયો

## જીલ્લા કલેક્ટરની સુચનાથી વહીવટી અને ફોરેસ્ટની સંયુક્ત ટીમે તપાસ હાથ ધરતા અનેક ગેરરીતીઓ સામે આવી





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૧

વેરાવળ જીઆઈડીસીની કંપનીઓમાં ગેરકાયદેસર રીતે લાકડાના ઉપયોગ, સંગ્રહ અને પરીવહન થતું હોવાની ફરીયાદોના આધારે જીલ્લા કલેકટરની સુચનાથી દરોડા પાડવામાં આવતા ૧૧ કંપનીઓમાં રૂા.૪૭.૯૦ લાખની કિંમતનો ૯૫૮ ટન લાકડાનો જથ્થો સીઝ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગેરકાયદેસર લાકડાનો વેપાર અને ઉપયોગ કરતા આસામીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

વેરાવળ જી.આઈ.ડી.સી.ની અનેક કંપનીઓમાં બોયલરમાં મોટા પ્રમાણ લાકડાનો વપરાશ થાય છે. ત્યારે અનેક કંપનીઓ દ્વારા ગેરકાયદે પ્રતિબંધિત લાકડાનો ગેરકાયદેસર વપરાશ કરતાં હોવાની ફરીયાદ જિલ્લા કલેક્ટર ડી.ડી.જાડેજાને મળતા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. જેના પગલે આરએફઓ કે.ડી.પંપાણીયા, સીટી મામલતદાર આરઝૂબેન ગજ્જર, ગ્રામ્ય મામલતદાર જે.એન.શામળાની ટીમો દ્વારા જીઆઈડીસીમાં આવેલ અંબર સી ફૂડસ, એશિયન એકવાટીક, યુનાઈટેડ મરીન પ્રોડક્ટ, રેવા પ્રોટીન, પ્રીમિયમ મરીન પ્રોડક્ટ, કોસ્ટલ એક્વાટિક, અમર લી. (હીરાવતી), ક્વોલિટી મરીન ફૂડસ, પેસિફિક મરીન પ્રોડક્ટ, નેશનલ મરીન પ્રોડક્ટ, કિંગ ફિશ પ્રોડક્ટ પ્રા. લી. સહિત ૧૧ કંપનીઓમાં દરોડા પાડી રૂા.૪૭.૯૦ લાખની કીંમતનો અંદાજે ૯૫૮ ટન લાકડાંનો જથ્થો ગેરકાયદેસર હોવાનું જણાતા સીઝ કરવામાં આવ્યો છે. દરોડા દરમ્યાન પ્રાથમિક તપાસમાં લાકડાના જથ્થાના સંગ્રહ, ખરીદી સહિત અનેક મુદ્દે ગેરરીતિ સામે આવતા જિલ્લા કલેકટર જાડેજાની સૂચના અનુસાર વેરાવળ રેન્જ ફોરેસ્ટર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, ઘણા સમયથી જીઆઈડીસી વિસ્તારમાં પ્રતિબંધિત લાકડાના ગેરકાયદે વપરાશની ચર્ચાઓ થઈ રહી હતી. ત્યારે અચાનક કલેકટરની કડક કાર્યવાહીના પગલે પ્રતિબંધિત લાકડાનો ગેરકાયદેસર વપરાશ અને સંગ્રહ કરતા અસામીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. જાણકારોના મતે આ મામલે તટસ્થ અને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવે તો જીઆઈડીસીમાં ચાલતી અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિના પર્દાફાશ થવાની સાથે મોટી ગેરરીતિઓ સામે આવે તો નવાઈ નહીં તેવી લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે.

વૃક્ષોનું નિકંદનમાં ગ્રામ પંચાયતો અને સરપંચોની ભેદી ભુમિકા સામે આવી

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વૃક્ષ અને જંગલ બચાવવા હેતુસર કોઈપણ ઝાડનું કટિંગ કરતા પહેલા મામલતદારની પરવાનગી લેવાની અને લાકડાનાં પરિવહન તેમજ સ્ટોરેજ માટે ફોરેસ્ટ વિભાગની મંજૂરી લેવાની કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે. તેમ છતાં અમુક તત્વો કાયદાથી ઉપરવટ જઈ લાકડાનું ગેરકાયદેસર કટિંગ, વહન અને સંગ્રહ કરવા માટે અમુક ગ્રામ પંચાયત અને સરપંચોના લેટરપેડના આધારે વૃક્ષોનું કટીંગ કરીને જીઆઈડીસીમાં વેચાણ કરતા હોવાનું તપાસ દરમ્યાન તંત્રના ધ્યાને આવેલ છે. ત્યારે ઝાડ કટિંગ અને લાકડાનાં સ્ટોરેજ બાબતે તમામ સતાઓ મામલતદાર અને રેન્જ ફોરેસ્ટ કચેરીની હોવા છતાં અમુક ગ્રામ પંચાયત અને સરપંચો દ્વારા ઝાડ કાપવાની પરવાનગી આપ્યાનું ધ્યાને આવતા આવી પંચાયતો અને સરપંચ વિરુદ્ધ પણ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળેલ છે.

## ખંભાળિયાની સ્પેશિયલ પોક્સો કોર્ટનો ચુકાદો

# ભાણવડ પંથકમાં પોક્સો તથા દુષ્કર્મના આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડની સજા

જામ ખંભાળિયા, તા. ૨૧

ભાણવડ પંથકમાં રહેતી એક સગીરાને અપહરણ કરી ગયા બાદ દુષ્કર્મ આચરવાના પ્રકરણમાં મૂળ રાણાવાવ તાલુકાના અમરદળ ગામના રહીશ એવા એક શખ્સને ખંભાળિયાની સ્પેશિયલ પોકસો અદાલતે ૧૦ વર્ષની સખત કેદ તથા રૂા. ૧૭,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.


આ સમગ્ર પ્રકરણ અંગે સરકારી સૂત્રો દ્વારા જાણવા માટે વિગત મુજબ પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના અમરગઢ ગામના મૂળ રહીશ અને હાલ મોરબી ખાતે રહેતા દિનેશ હીરાભાઈ ચાવડા (ઉ.વ. ૨૮) એક સગીરાને પોતાનો મોબાઈલ નંબર આપી લલચાવતા આ અંગેનો ગુનો રાણાવાવ પોલીસ મથકમાં નોંધાયો હતો. જેની મુદતમાં ગયેલા આરોપી દિનેશ હીરાભાઈ ચાવડાએ મુદત પૂર્ણ કર્યા બાદ દેવભૂમિ દ્વારકાના વાનાવડ તથા ભાણવડ ખાતે રહેતા તેના સંબંધીને ત્યાં ગયો હતો.

ગત તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ આરોપી શખ્સ સગીરાને પોતાની મોટરસાયકલમાં બેસાડીને મોરબી લઈ ગયા બાદ ભોગ બનનારના ભાઈએ ફોન કરતા આરોપી દિનેશ ચાવડાએ સગીરા પોતાની સાથે નહીં હોવાનું ખોટું બોલી એને મોરબીના જૂનું ઘુંટું રોડ ઉપર આવેલા એક સેલ્ટર હોમ રૂમ ખાતે લઈ જઈ અને તેણી સાથે બળજબરીપૂર્વક તેણીની એકલતાનો ગેરલાભ લઈ અને શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ કૃત્ય બાદ આરોપી ઉપર પોક્સો અંગેનો કેસ થશે અને પોતાનું નામ ન આવે તે હેતુથી ભોગ બનાવનારને મોરબીથી રાજકોટ વાળી બસમાં એકલી બેસાડી દીધી હતી. રાજકોટ બસ સ્ટેશનમાં પહોંચ્યા બાદ ભોગ બનનાર પુનઃ રાજકોટથી મોરબી આરોપી દિનેશ હીરાભાઈ ચાવડા પાસે જતી હોય, મોરબી બસ સ્ટેન્ડથી આરોપીને ફોન કરીને બસ સ્ટેન્ડ ખાતેથી લઈ જવા જાણ કરતા આ વખતે તહોમતદારે પોતાની ઉપર કોઈને શંકા ન જાય તે હેતુથી ભોગ બનનાર મોરબી બસ ખાતે એકલી હોવાની જાણ કરતાં તુરંત સ્થાનિક પોલીસ મારફતે ભોગ બનનાર તથા આરોપીને હસ્તગત કરવા જણાવી અને ભોગ બનનાર તથા આરોપીને ભાણવડ ખાતે લાવવામાં આવ્યા હતા.

જયાં મહિલા પોલીસ કર્મચારી તેમજ મહિલા સામાજિક કાર્યકર તથા ભોગ બનનારના માતાની હાજરીમાં સગીરાએ ઉપરોક્ત સમગ્ર બાબત રજૂ કરી હતી. આરોપીએ તેણીને પ્રેમ જાળમાં ફસાવી અને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને મોરબી લઈ ખાતે લઈ જઈ અને દુષ્કર્મ આચર્યું હોવા અંગે ભાણવડ પોલીસ મથકના આરોપી સામે અપહરણ, દુષ્કર્મ તથા પોકસો એક્ટની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

આ સમગ્ર પ્રકરણમાં તપાસનીસ અધિકારી ટી.સી. પટેલ દ્વારા જરૂરી દસ્તાવેજો મેળવી અને ખંભાળિયાના નામ. એડી. સેશન્સ જજ વી.પી. અગ્રવાલ સમક્ષ આ સમગ્ર કેસ ચાલી જતા જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી વિવિધ દલીલો તેમજ આધાર પુરાવાઓને ધ્યાનમાં રાખીને નામદાર અદાલતે આરોપીને દસ વર્ષની સખત કેદ તથા જુદા જુદા ગુનાઓમાં કુલ રૂા. ૧૭,૦૦૦ નો દંડ અને જો દંડનો હુકમ કર્યો હતો. આ ઉપરાંત ભોગ બનારના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસન માટે તેણીને વીટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂા. ત્રણ લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર ખાતે ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિનો સામનો કરવા મુખ્ય સચિવ રાજકુમારની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ





## રાજ્યમાં ચોમાસા દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે તૈયાર રહેવા વહીવટીતંત્રને જરૂરી સૂચનો કરતાં મુખ્ય સચિવ રાજકુમાર

(પ્રતિનિધી દ્વારા)
ગાંધીનગર તા.૨૧

રાજ્યમાં ચોમાસા દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે વહીવટીતંત્ર અત્યારથી સંપૂર્ણ સજ્જ બને તે જરૂરી છે તેમ, મુખ્ય સચિવ શ્રી રાજકુમારે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી રાજકુમારે રાજ્યના તમામ વિભાગો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ, લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સહિત વહિવટી તંત્રના તમામ અધિકારીશ્રીઓ સાથે આજે ગાંધીનગર ખાતે બેઠક યોજી ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિના સામના માટેના આગોતરા આયોજન અને સજ્જતાની સમીક્ષા કરી હતી.

મુખ્ય સચિવશ્રીએ કહ્યું હતું કે, આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં આપદા મિત્રોને તાલીમ આપી સજ્જ કરાશે. ભૂતકાળમાં જે વિસ્તારમાં વધુ વરસાદ થયો હોય તેવા વિસ્તારોની પણ અત્યારથી સમીક્ષા કરીને આગામી ચોમાસા માટે જરૂરી તૈયારીઓ કરી લેવી જોઈએ જેથી અગમચેતીના ભાગરૂપે નુકસાન અટકાવી શકાય. શહેરી વિસ્તારોમાં જૂના-જોખમી મકાનોની સ્થળ તપાસ કરાવી અત્યારથી જ તેને ખાલી કરાવવા જોઈએ જેથી જાનહાની ટાળી શકાય.

ચોમાસાની તૈયારી સંદર્ભે વિવિધ સ્થળે મોકડ્રીલ યોજવા તેમજ ચોમાસા દરમિયાન સરદાર સરોવર, ઉકાઈ સહિતના ડેમોમાં પાણીની સ્થિતિ અંગે અગાઉથી વિગતો મેળવવા તેમણે વહીવટીતંત્રને સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર ખાતે યોજાયેલી "પ્રિ મોનસુન પ્રિપેર્ડનેસ" અંગેની બેઠકના અધ્યક્ષસ્થાનેથી મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, સંભવિત આપત્તિના સામના માટેની જેટલી આગોતરી સજ્જતા કેળવાય તેટલી ઝડપથી આપણે રાહત-બચાવની કામગીરી કરી શકીશું જેથી ઓછામાં ઓછું નૂકસાન થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકશે. તેમણે તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન પ્લાન જરૂરી ફેરફાર સાથે તૈયાર રાખવા જણાવી, રાજ્ય વહિવટી તંત્ર, કેન્દ્ર સરકારની કચેરીઓ, સુરક્ષા એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન રાખવા પર પણ ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે રાજ્યમાં આવેલા શેલ્ટરહોમમાં સુવિધાઓ ચકાસવા તેમજ તાલુકા સ્તરેથી તાલુકા-ગામડાઓ વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન યોગ્ય થાય તે અંગે તંત્રને તાકીદ કરી હતી.

તેમણે ઉમેર્યું કે, સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યમાં NDRFની ૧૫ તેમજ SDRFની ૧૧ ટીમો ઉપલબ્ધ રહેશે જેને જરૂરિયાત પ્રમાણે તહેનાત કરી શકાશે. આ ટીમો પૂરતી બોટ, લાઈફ જેકેટ તથા અદ્યતન કમ્યુનિકેશનની સુવિધાઓથી સજ્જ હશે.

કેન્દ્રીય હવામાન વિભાગના અધિકારીએ આગામી ચોમાસાની વિસ્તૃત માહિતી આપતા કહ્યું હતું કે, સંભવિત તા. ૩૧ મે-૨૦૨૪ની આસપાસ કેરળ ખાતે ચોમાસાનું આગમન થશે જેથી આ વર્ષે ગુજરાતમાં દર વર્ષ કરતાં વહેલું ચોમાસું આવવાની શક્યતા છે. હવામાન ખાતા દ્વારા આગામી સમયમાં દર સપ્તાહે વરસાદ વિશે જરૂરી વિગતો આપવામાં આવશે.

સમીક્ષા બેઠકમાં રાજ્યના સબંધિત વિભાગો જેવા કે, ગૃહ, સિંચાઈ, પાણી-નાગરિક પુરવઠા, આરોગ્ય, GSDMA, સરદાર સરોવર, માર્ગ અને મકાન, બંદરો અને વાહન વ્યવહાર, વન, કૃષિ અને પશુપાલન તેમજ કેન્દ્રીય સુરક્ષાદળો દ્વારા ચોમાસાની તૈયારી સંદર્ભે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOCના સંકલનમાં વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા.

આ બેઠકમાં વિવિધ વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ, માહિતી, ઈસરો, સેનાની ત્રણેય પાંખના અધિકારીઓ, BSF, કોસ્ટ ગાર્ડ, NDRF, દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, ભારતીય રેલવે તથા વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


---

### ઉના તાલુકાના સીમર ગામે ચાલતી શિવ મહાપુરાણ કથામાં

# કથાકાર રાજુબાપુએ કોળી ઠાકોર સમાજ વિષે વિવાદીત નિવેદન આપતા પોલીસ ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)
ઉના, તા.૨૧

ઉના તાલુકાના સીમર ગામે છેલ્લા છ દિવસથી શ્રી હિંગળાજ ધામ વસ્તા ગિરિબાપુની સમાધિ સ્થળે શિવ મહાપુરાણ કથા ચાલતી હતી. કથાનું શ્રવણ રાજુબાપુ મોટા ઝિંઝૂડા વાળા કરાવી રહ્યા હતા જેમાં તા.૧૯, ૫ના રોજ ટીવી મીડિયાની કર્તવ્ય ચેનલ ઉપર તેનું પ્રસારણ આવતું હતું અને કથાની વ્યાસપીઠ ઉપરથી રાજુબાપુએ જણાવેલ કે સમાજની દીકરા અને દિકરીએ કોળી ઠાકોર સમાજના યુવકો સાથે લગ્ન ના કરવા જોઈએ સમાજ અને કુળ વિષે બીભત્સ શબ્દો બોલી કોળી ઠાકોર સમાજની લાગણી દુભાય ઠેસ પહોંચે સમાજ પ્રત્યે વેર ઝેર વધે તેવા શબ્દોના ઉપિયાગ કરતા કોળી સમાજ લાલઘૂમ થઈ ગયો હતો અને ઊનામાં રહેતા અને હિન્દુ યુવા સંગઠન ભારતના ગીર સોમનાથ જિલ્લાના ઉપાધ્યક્ષ મહેશભાઈ રામજી ભાઈ બારીયા નવા બંદર મરીન પોલીસ સ્ટેશન જઈ કથાકાર રાજુબાપુ ઉર્ફે રાકેશગિરિ કાશીગિરિ ગોસ્વામી ઉ.વ.૫૫ રે. મોટા ઝિંઝૂડા તા. સાવાર કુંડલા જિલ્લો અમરેલી સામે ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે કલમ ૧૫૩(એ),૧(એ) મુજબ ગુનો નોંધી નવા બંદર મરીન પોલીસ સ્ટેશન ના ઈન્ચાર્જ પીએસઆઈ આર.પી. જાદવે તુરંત પગલા લઈ કથાકાર રાજુબાપુ ઉર્ફે રાકેશગિરિ કાશીગિરિ ગોસ્વામીની અટકાયતી પગલા લીધા હતા અને પોલીસે કોળી સમાજના આગેવાનો સાથે મિટિંગ કરી શાંતિ જાળવવા અપીલ કરી હતી. સીમર ગામે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે હાલ શાંતિ છે. જાણવા મળતી વિગત મુજબ વિવાદને હિસાબે સીમર ગામે ચાલતી શિવ મહાપુરાણ કથા શરૂ થઈ ન હતી અને આયોજકોએ વહેલી કથા પૂર્ણ કરી હોવાનું જાણવા મળેલ છે.



---

# ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૩ની બેચના ૮ પ્રોબેશનરી IAS મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે



(પ્રતિનિધી દ્વારા)
ગાંધીનગર તા.૨૧

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૩ની બેચના ૮ પ્રોબેશનરી IAS અધિકારીઓએ ગાંધીનગરમાં લીધી હતી. આ ૮ અધિકારીઓમાં ૭ મહિલા અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમણે સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન-સ્પીપા માંથી ઈન્સ્ટિટ્યૂશનલ ટ્રેનિંગ પૂર્ણ કરી છે. આ પ્રોબેશનરી અધિકારીઓની રાજ્યના બનાસકાંઠા, ભાવનગર, કચ્છ, પંચમહાલ અને વલસાડ તથા નર્મદા તેમજ નવસારી જિલ્લાઓમાં ફિલ્ડ તાલીમ માટે સુપર ન્યુમરી આસિસ્ટન્ટ કલેકટર તરીકે ફાળવણી કરવામાં આવેલી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોબેશનરી અધિકારીઓને ગુજરાતમાં ઉચ્ચ પદ પર સેવારત થવાની મળેલી તક દ્વારા સદકર્મ અને સેવાકાર્યની સુવાસથી લોકોના હૃદયમાં સ્થાન મેળવવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીને મળેલા આ પ્રોબેશનરી IAS અધિકારીઓએ પોતાના પરિચય અને શૈક્ષણિક કારકિર્દીની વિગતો તથા તાલીમ દરમિયાનના અનુભવોથી મુખ્યમંત્રીશ્રીને વાકેફ કર્યા હતા.

આ સૌજન્ય મુલાકાત વેળાએ સ્પીપાના ડાયરેકટર જનરલ મોહમ્મદ શાહિદ, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, સ્પીપાના નાયબ મહાનિયામક વિજય ખરાડી અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

---

### મોજપના આરોગ્ય કર્મચારીને જાનથી મારી નાખવાની ધમકીને મામલે

# દેવભૂમિ દ્વારકા આરોગ્ય કર્મચારી મહામંડળ દ્વારા જીલ્લાના ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપ્યું



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨૧

તાજેતરમાં દ્વારકા તાલુકાનાં મોજપ ગામે તાલુકા હેલ્થ કચેરી દ્વારકાનાં તાબા હેઠળના આયુષ્માન આરોગ્ય મંદિરમાં વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર તરીકે ફરજ બજાવતા કર્મચારી ઘુમન મકવાણાને પોતાની ફરજ દરમ્યાન તેમની સાથે ફરજમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આ અંગે ઘુમન મકવાણા દ્વારા મીઠાપુર પોલીસ સ્ટેશને ધોરણસરની ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરેલ હતી. જે સબબ આરોગ્ય કર્મચારી મહામંડળ દેવભૂમિ દ્વારકા દ્વારા આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી આવી ઘટના ભવિષ્યમાં ન બને અને તંદુરસ્ત વાતાવરણમાં દરેક કર્મચારી પોતાની કાયદેસરની ફરજ બજાવી શકે તે માટે જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી દેવભૂમિ દ્વારકાને આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતું.

---

# દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ અંતર્ગત ગુમ થયેલો રૂપિયા ૧૯.૪૫ લાખનો માલ સામાન માલિકને સોંપાયો



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૧

ખંભાળિયામાં ગઈકાલે સોમવારે રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવનું ખાસ આગમન થયું હતું. કાયદો અને વ્યવસ્થાને લગતી કામગીરી સાથે તેમની ઉપસ્થિતિમાં જિલ્લાના જુદા જુદા આસામીઓ દ્વારા નોંધાવાયેલી અરજીઓ સંદર્ભે પોલીસ દ્વારા બે ડઝન જેટલા આસામીઓના રૂપિયા ૧૯.૪૫ લાખની કિંમતનો મુદ્દામાલ તેમજ આને લગતા કોર્ટના હુકમ સુપ્રત કરી અને "તેરા તુજકો અર્પણ" સૂત્રને સાર્થક કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં રહેતા આસામીઓ દ્વારા તેઓનો મોબાઈલ સહિતનો કિંમતી મુદ્દામાલ ગુમ થવા સહિતની બાબતે પોલીસને અરજી કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તેમજ ડી.વાઈ.એસ.પી. હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જિલ્લા સાઈબર ક્રાઈમ સેલ પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી અને છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન ૨૪ અરજદારોના કુલ રૂપિયા ૧૯,૪૪,૭૮૧ જેટલી નોંધપાત્ર રકમનો મુદ્દામાલ પરત અપાવવામાં સફળતા મેળવી હતી. જેને અનુલક્ષીને સોમવારે રાજકોટ રેન્જના પોલીસ મહા નિરીક્ષક શ્રી અશોકકુમાર યાદવના વરદ હસ્તે નામદાર કોર્ટમાંથી મેળવેલા હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાગરિકો દ્વારા ગુમ થયેલા પોતાના મોબાઈલ ફોન અંગેની આપવામાં આવેલી અરજી સંદર્ભે પોલીસ તંત્રએ સંકલનની કામગીરીથી છેલ્લા દસ દિવસની જહેમત દરમિયાન ખાસ ડ્રાઈવ યોજી અને રૂપિયા ૪,૧૦,૩૮૨ ની કિંમતના ૨૬ મોબાઈલ ફોન શોધી કાઢી, અને મૂળ માલિકને પરત સોંપવાની નોંધપાત્ર કામગીરી કરી હતી. આને અનુલક્ષીને રેન્જ શ્રી અશોકકુમાર યાદવ દ્વારા જિલ્લાના નાગરિકોને સાબર ક્રાઈમનો ભોગ ન બને તે બાબતે જરૂરી સૂચનાઓ આપી હતી.

આ સાથે નાગરિકોએ પોતે પણ પોતાના અનુભવના આધારે અન્ય નાગરિકોને આવા સાયબર ફ્રોડનો ભોગ ન બને તે હેતુથી સાવચેત રહેવા તેમજ સાયબર ક્રાઈમ અંગે જાગૃતતા ફેલાવવા અપીલ કરી હતી. સાયબર ક્રાઈમને લગતા ગુનાઓને અંકુશમાં લાવવા માટે અહીંનો જિલ્લા સાયબર ક્રાઈમ વિભાગ લોકોને મદદરૂપ બની રહ્યો છે.

---

# કિંદરવા ખાતે મહા રક્તદાન કેમ્પ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)
વેરાવળ તા.૨૧

તારીખ ૧૯/૦૫/૨૦૨૪ ના રોજ કિંદરવાના શ્રી અરસિંહ આતાના મઢ ખાતે ડૉ.જીગાબાપુની પ્રથમ માસિક પુણ્ય તિથિ નિમિતે શૂરવીર અરસિંહ આતા ફાઉન્ડેશન સંચાલિત શ્રી અરસિંહ આતા ગૌશાળા દ્વારા અને રેડ ક્રોસ - ગીર સોમનાથના સહકારથી મહા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ભાઈઓ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૬૪ યુનિટ બ્લડ ડોનેશન કરવામાં આવ્યું હતું. કિંદરવાના કાર્યકરો ગોપાલ ગોસ્વામી, મયુર ગોસ્વામી, અતુલ ગોસ્વામી, અજય ગોસ્વામી, કલ્પેશસિંહ ચાવડા, પિયુષ રામ એ કેમ્પ માટે જહેમત ઉઠાવી સુંદર વ્યવસ્થા કરી હતી. રેડ ક્રોસના ચેરમેન શ્રી કિરીટભાઈ ઉનડકટની આગેવાની હેઠળ ગીરીશ ઠક્કર, પરાગ ઉનડકટ, અનિષ રાચ્છ, સંજય દાવડા, ડૉ.હિતેન્દ્રસિંહ પરમાર, અતુલ કાનાબાર અને વિમલ ગજ્જરે કેમ્પની મુલાકાતે આવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. રેડ ક્રોસ સ્ટાફ સભ્યો ધવલ સિંધલ, નિખીતા બોરીચા, રસિક ગૌસ્વામી, સુરેશ બાંભણિયા, પાયલ ભારાવાલા તથા મગનભાઈ સેવામાં જોડાયા હતા.

---

# ભગવાન શ્રી દ્વારકાધીશજીને ૧૫૦૦ ગ્રામ ચાંદી અર્પણ કરાયું



(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૧

દ્વારકા જગત મંદિરે આજરોજ એક ભક્ત પરિવાર દ્વારા ચાંદીનો ત્રાસ,બે વાટકી ,ચમચી, ગ્લાસ શ્રીજી ને અર્પણ કરવામાં આવ્યા. દ્વારકા જગત મંદિરે શ્રીજી ના પરમ વૈષ્ણવ શ્રી કમલનયનભાઈ જેરામભાઈ ભાયાણી તથા પરિવાર - રાજકોટ દ્વારા પાંચમી ધ્વજારોહણ પ્રસંગે ચાંદીનો ત્રાસ બે વાટકી ચમચી ગ્લાસ અર્પણ કરવામાં આવ્યા અંદાજે ૧૫૦૦ ગ્રામ અર્પણ કરાયું હતું.

---

# ઔદ્યોગીક તાલીમ સંસ્થા વંથલીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ : તા.૧૩ જુન સુધીમાં ઓનલાઇન અરજી કરવી

જૂનાગઢ, તા.૨૧

ઔદ્યોગીક તાલીમ સંસ્થા વંથલીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામા આવી છે. ઓગસ્ટ-૨૦૨૪ના જુદા-જુદા કોર્ષમાં ટ્રેડ ફીટરમાં-૨૦, ઈલેક્ટ્રિશિયનમાં -૪૦, વાયરમેનની-૪૦, કોપાની-૪૮, મિકેનીક ડિઝલની-૭૨, અને વેલ્ડરમાં-૪૦એમ કુલ ૨૬૦ બાઠકો ભરવાપાત્ર છે. એડમીશન લેવા ઈચ્છુક ઉમેદવારોએ https://iti admission.gujarat.gov.in/ વેબસાઈટઉપર તા.૧૩-૬-૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરી નજીકની કોઈ પણ આઈ.ટી.આઈ.માં ફોર્મ ચેક કરાવીને રજીસ્ટ્રેશન ફી રૂા.૫૦ ઓનલાઈન ભરી જમાં કરાવવવાનું રહેશે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.


CCC
કોમ્પ્યુટર કોર્ષ
તદન વ્યાજબી ફીમાં
૩૦ વર્ષનાં અનુભવી
તજજ્ઞો દ્વારા માર્ગદર્શન
મિલેનીયમ કોમ્પ્યુટર
સરદારપરા, જૂનાગઢ
મો. ૯૩૨૭૧ ૬૧૨૦૨


## :: જાહેર નોટીસ ::

આથી હું નીચે સહી કરનાર ગિરીશકુમાર જે. પારેખ, એડવોકેટ, દિવાન ચોક, જુનાગઢ તે મારા અસીલ સ્વ. સુશીલાબેન મનસુખલાલ (વા/ઓ શશીકાંત ત્રિભોવનદાસ પારેખ)ના વારસદાર પુત્ર શ્રી રવિશકુમાર શશીકાંત પારેખ, રહે. જુનાગઢ વાળાની સુચનાથી આ જાહેર નોટીસ આપુ છું કે,

શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના, જુનાગઢ મહાનગરપાલીકા હદમાં આવેલા, ગામ ખામધ્રોળની બીનખેતીની જમીન રે.સરવે નં. ૧૩૦/૪ પૈકી, એ.૮-૦ ગુંઠામાં રહેણાંકના હેતુ માટે આવેલા પ્લોટો પૈકી પ્લોટોની જમીનમાં આવેલ શ્રી સિધ્ધાર્થનગર કો. ઓ. હા. સો.લી.-ખામધ્રોળ, નોંધણી નં.નઘણ/પી / ઘ/૮૩૦૭, તા.૧૪-૭-૮૦ થી રજીસ્ટર થયેલ સોસાયટીમાં જમીન ફાળો, શેર ફાળો, બાંધકામ ફાળો વિગેરે નાણાકીય રકમોનું રોકાણ ભારતીબેન મનસુખલાલ પુરોહીતે કરતા સોસાયટી તરફથી તેઓને બ્લોક નં.૧૨, ક્ષેત્રફળ આ.ચો.મીટર ૬૩.૯૬ નો એલોટ કરેલ. અને રૂા.૨૫૦/- ના શેર સર્ટી નં.૧૧૧ થી ૧૧૫, તા.૧૭-૮-૧૯૮૦ થી ભારતીબેન મનસુખલાલ પુરોહીતના નામે આપવામાં આવેલ અને સદરહુ બ્લોક નં.૧૨, ક્ષેત્રફળ આ.ચો.મી. ૬૩.૯૬ નો કબજો તેઓને સોંપવામાં આવેલ. અને ભારતીબેન મનસુખલાલ પુરોહીત પાસેથી સદરહુ બ્લોક નં.૧૨ મારા અસીલના માતુશ્રી સુશીલાબેન મનસુખલાલ દોશીએ રજી.દ.નં.૨૨૫, તા.૩-૨-૧૯૮૬ થી ખરીદ કરેલ. અને સદરહુ બ્લોકના માલીક મારા અસલના માતુશ્રી સુશીલાબેન મનસુખલાલ દોશીનું તા.૪-૪-૨૦૧૮ ના રોજ અવસાન પામતા તેમની પાછળ કાયદેસરની સીધી લીટીના વારસદારમા મારા અસીલ તથા અન્યો છે. જેથી સદરહુ બ્લોક નં.૧૨ નો કબજો ભોગવટો મારા અસીલ તથા અન્યોનો વારસાઈથી આવેલ છે.

સદરહુ મારા અસીલની માલીકીના બ્લોક નં.૧૨ ના પ્રથમ એલોટી સભ્ય ભારતીબેન મનસુખલાલ પુરોહીતના નામના સોસાયટી તરફથી આપવામાં આવેલ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર ગુમ થઈ ગયેલ છે. આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર કોઈને સોંપવામાં આવેલ નથી કે બેંક, સહકારી મંડળી, ફાયનાન્સીયલ સંસ્થા, પ્રાઈવેટ સંસ્થા વિગેરે જગ્યાએ જામીનગીરીમાં કે ગીરો મુકવામાં આવેલ નથી કે આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર ઉપર કોઈ બોજો કે અન્ય કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી. તેમ છતા જે કોઈ બેંક, સંસ્થા, વ્યકિત કે અન્ય કોઈ આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર પરત્વે કોઈ અધિકારનો દાવો કરતા હોય તો તે વ્યકિતએ દિન-૮ માં તે મતલબની લેખીત જાણ અમોને નીચે જણાવેલ સરનામે કરવી અને મુદત દરમ્યાન કોઈના તરફથી કોઈ વાંધો નહિં આવે તો વાંધેદારોએ તેમના હકક-હિસ્સા જતા (વેઈવ) કરેલ છે તેમ માનીને મારા અસીલ લાગતી-વળગતી કચેરીમાંથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવી લેશે અને આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહુ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર બાબતે કોઈના તરફથી વાંધો તકરાર ઉપસ્થિત થશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની આ જાહેર નોટીસથી નોંધ લેવી.

મુ. જુનાગઢ, તારીખ: ૧૮-૫-૨૦૨૪
અસીલની સુચના અનુસાર
ગિરીશકુમાર જે. પારેખ, એડવોકેટ
દિવાન ચોક, જુનાગઢ.
મો.નં.૯૯૦૯૫ ૭૭૪૨૩

સિકકો

(સહી-અવાચ્ય)
ગિરીશકુમાર જે. પારેખ
(એડવોકેટ)

### ગિરનાર પર્વત ઉપર ૨૨૦૦ પગથીયે આવેલ

# માળી પરબની જગ્યામાં બાળકને ઢોર માર મારી નીચે ફેંકી દેતા






## સેવાભાવી દુકાનદારે જાણ કરતા ભવનાથ પોલીસે ઘટના સ્થળે દોડી જઈ ડોળી મારફત ઈજાગ્રસ્ત બાળકને નીચે લાવી સિવીલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે સારવાર માટે દાખલ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગીરનાર પર્વત ઉપર ૨૨૦૦ પગથીયે માળી પરબની જગ્યામાં ગત મોડીરાત્રીના બનેલા એક બનાવમાં એક નાની ઉંમરના બાળકને મારમારી ખાઈમાં ફેંકી દેવામાં આવ્યો હોવાના બનાવના પગલે ચકચાર મચી જવા પામી છે. ઈજાગ્રસ્ત બનેલા આ બાળકને રેસ્કયુ કરીને સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે સારવાર માટે ખસેડવામાં આવેલ છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ગિરનાર પર્વત ઉપર ૨૨૦૦ પગથીયે આવેલ માળી પરબની જગ્યામાં ગઈકાલે મોડીરાત્રીના એક અંદાજે ૧૨ થી ૧૩ વર્ષનાં બાળકને માર મારી નીચે ખાઈમાં ફેંકી દીધો હોવાનો બનાવ બન્યો હતો. દરમ્યાન ૨૨૦૦ પગથીયે દુકાન ધરાવતા વિજયભાઈ ગૌસ્વામીએ ઈજાગ્રસ્ત હાલતમાં બાળકને જોયો હતો અને મદદ માટે દોડી ગયા હતાં. દરમ્યાન ભવનાથ પોલીસને પણ આ બનાવની જાણ થતા ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઈ રાઠોડ અને સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા દરમ્યાન રેસ્કયુ કરીને આ બાળકને ડોળી મારફત નીચે લાવવામાં આવેલ અને ત્યાંથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. વિશેષમાં ભવનાથ પોલીસે વધુ વિગત આપતા જણાવેલ છે કે, બાળક અમદાવાદ નો છે અને તેના માતા-પિતાને તેની જાણ કરવામાં આવી છે અને તેઓ આવી ગયા બાદ ખરેખર શું ઘટના બની હતી તે અંગે જાણવા મળશે. આ ઉપરાંત આ બાળક હાલ ગભરાટ અને ભયમાં હોય જેથી તે બોલી શકે તે બાદ તેને કોણે માર્યો ? તેમજ તેના શરીર ઉપર જે ઈજાઓ થઈ તે કયા કારણથી થઈ છે તે અંગેની વિગતો મળી શકશે. હાલ તો ભવનાથ પોલીસ તપાસ ચલાવી રહી છે. વધુમાં આ બાળકને કોણે માર માર્યો ? શા માટે માર માર્યો ? તે એકલો હતો કે કોઈ તેની સાથે હતું ? અને તેનાં માતા-પિતા કેમ સાથે ન હતાં ? અને તે એકલો અહીં કઈ રીતે પહોંચ્યો અને મધરાત્રે માળી પરબ ખાતે શું કરતો હતો ? તેવા સવાલો ઉઠયા છે અને તપાસનો વિષય છે. આ અંગે વધુ વિગત મેળવાઈ રહી છે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢવાસીઓ માટે આગામી ગુરૂ, શુક્ર, શનિ ત્રણ દિવસ 'આકરા'




## મહિનાના અંત સુધી ઉંચા તાપમાનનો સામનો કરવો પડશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભીષણ ગરમીનું મોજુ ફરી વળતા જનજીવન પ્રભાવિત બન્યું છે. ગઈકાલે જૂનાગઢનું તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું. અસહ્ય ઉકળાટ સપ્ન ગરમી વચ્ચે લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આ મહીનાના અંત સુધી અગન વર્ષા સાથે ઉચું તાપમાન રહેવાની આગાહી હવામાન વિભાગના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેર તેમજ સોરઠ પંથકમાં ગરમીનો પારો સતત વધતો જઈ રહ્યો છે. આકાશમાંથી જાણે અગ્નિવર્ષા થઈ રહી છે અને અંગ દઝાડતી ગરમી વચ્ચે જન જીવન શેકાઈ રહ્યું છે. દરમ્યાન ગઈકાલનું તાપમાન ૪૩.૫ ડિગ્રીએ પહોંચ્યું હતું. સવારથી જ આકાશમાંથી જાણે અગ્નિ વર્ષા થતી હોય તેવું અનુભવાઈ રહ્યું હતું.

દરમ્યાન કૃષિ યુનિવર્સિટી હવામાન વિભાગના નિષ્ણાંત ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, આગામી ગુરૂવાર,ઘ શુક્રવાર અને શનિવાર સુધી તાપમાનનો પારો ૪૩થી ૪૪ ડિગ્રી આસપાસ રહેશે. તેમજ આ મહીનાના અંત સુધી ગરમીનું પ્રમાણ રહેશે અને ત્યારબાદ સામાન્ય સ્થિતિ સર્જાશે તેમ જણાવ્યું હતું.

# રવની ડબલ મર્ડર કેસના આરોપીઓની રીમાન્ડ પુર્ણ થતા જેલ હવાલે

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

વંથલી તાલુકાના રવની ગામના રફીકભાઈ આમદભાઈ સાંધ અને તેના પુત્ર જીહાલની હત્યા સબબ ઝડપાયેલા રહીમ ઉર્ફે ખુરી ઈસાભાઈ સાંધ, હુસેન અલારખા સાંધ, જુમા હબીબ સાંધ, પોલાભાઈ યુસુફભાઈ સાંધ, હનીફ ઈસ્માઈલ સાંધ, અબ્દુલ ઉર્ફે અબલો ઈબ્રાહીમ સાંધ તથા ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધને ક્રાઈમ બ્રાન્ચે ૪ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવી તપાસમાં આરોપીઓ પાસેથી વધુ એક દેશી હાથ બનાવટની સિંગલ બેરલની બંધુક, આરોપીઓના કપડા તથા લાકડી, પાઈપ તથા મોબાઈલ કબજે કરાયા હતા. તેમજ તપાસ સંબંધિત સાયન્ટીફિક પુરાવા મેળવ્યા હતા.

આરોપીઓએ પિતા, પુત્રની હત્યા બાદ આરોપીઓએ પુરાવાનો નાશ કરેલ હોય અને વધુ હથિયારો મળી આવેલ હોય જેથી તમામની સામે આઈ.પી.સી. કલમ ૨૦૧, તથા આર્મ્સ એકટ કલમ ૨૫ (૧-બી) એ. ૨૯નો ઉમેરો કરવા તજવીજ હાથ ધરી હતી. સોમવારે રિમાન્ડ પૂરા થતા આરોપીઓને કોર્ટમાં રજુ કરતા અદાલતે આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કરતાં તમામને જૂનાગઢ જિલ્લા જેલમાં મોકલી આપવામાં આવેલ છે.

# જૂનાગઢનાં યુવાને આર્થિક સંકડામણથી વિલીંગ્ડન ડેમમાં ઝંપલાવી જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના વિલીંગ્ડન ડેમમાં પડી અને એક યુવાને આપઘાત કર્યો હોવાનો બનાવ બનવા પામેલ છે. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢમાં વિલીંગ્ડ ડેમમાં યુવાન પડયો હોવાની જાણ થતા ફાયર વિભાગના સ્ટાફ દ્વારા સતત છ કલાકની શોધખોળ કર્યા બાદ મૃતકનો મૃતદેહ મળી આવ્યો હતો. દરમ્યાન આ બનાવ અંગે ભવનાથ પોલીસને જાણ કરવામાં આવતા ભવનાથ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુમાં ભવનાથ પોલીસે આપેલી વિગત અનુસાર દરમ્યાન મૃતક યુવાન હિતેષભાઈ જીકાભાઈ રાઠોડ કોળી (ઉ.વ.૪૭) રહે.કડીયાવાડ, શિવમ એપાર્ટમેન્ટ વાળા હોવાનું બહાર આવ્યું હતું અને આર્થિક સંકડામણના કારણે તેણે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું બહાર આવેલ છે.

